પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૦૭-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઓપરેશન સિંદુરના મુદ્દે લોકસભામાં વિપક્ષોનો હોબાળો

## સંસદના ચોમાસા સત્રના આરંભ સાથે વિપક્ષે તોફાન મચાવતા ગૃહ મોકૂફ: ઓપરેશન સિંદુર પર ચર્ચા કરવા વિપક્ષી દળોની માંગણી

નવી દિલ્હી, તા. ૨૧


સંસદનું ચોમાસુ સત્ર આજથી શરૂ થયું છે. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા. હોબાળાને કારણે લોકસભા ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું- આપણે પ્રશ્નકાળ પછી ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરીશું. સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપશે. આ પદ્ધતિ યોગ્ય નથી. આ વર્તન પહેલા જ દિવસે યોગ્ય નથી. આપણે આ માન્યતા તોડવી જોઈએ.

ગૃહ શરૂ થાય તે પહેલાં PM મોદીએ મીડિયાને સંબોધિત કર્યું. તેમણે કહ્યું- ઓપરેશન સિંદૂર સફળ રહ્યું. અમે ૨૨ મિનિટમાં ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કર્યો, દુનિયાએ ભારતની લશ્કરી તાકાત જોઈ.

PMએ વધુમાં કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ નક્કી કરાયેલા લક્ષ્ય ૧૦૦% પ્રાપ્ત થયું. અમે તે સાબિત કર્યું. તે મેડ ઈન ઈન્ડિયા લશ્કરી શક્તિનું એક નવું સ્વરૂપ દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું- પહેલગામ નરસંહારથી આખી



દુનિયા ચોંકી ગઈ હતી. તે સમયે, પક્ષના હિતોને બાજુ પર રાખીને, આપણા મોટાભાગના પક્ષોના પ્રતિનિધિઓ, મોટાભાગના રાજ્યોના પ્રતિનિધિઓએ દેશના હિતમાં વિદેશની મુલાકાત લીધી અને આતંકવાદીઓના માસ્ટર પાકિસ્તાનને દુનિયા સામે ઉજાગર કરવાનું કામ કર્યું.

મોદીએ કહ્યું- આપણા એસ્ટ્રોનોટ શુભાંશુને અભિનંદન, તેમણે ISSમાં પહેલીવાર તિરંગો ફરકાવ્યો. ISS પર ભારતીય તિરંગો ફરકાવવો એ દેશવાસીઓ માટે ગર્વની ક્ષણ છે.લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા, કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને અન્ય ઘણા સાંસદો સંસદ ભવનમાં પહોંચ્યા છે. ઓપરેશન સિંદૂર, ભારત-પાકિસ્તાન

અનુસંધાન પાના ૭ પર

# ઓપરેશન સિંદુરમાં સેનાએ નક્કી કરેલા લક્ષ્ય ૧૦૦ ટકા સિદ્ધ થયા : વડાપ્રધાન

### ઓપરેશન સિંદુર મેડ ઈન ઈન્ડિયા લશ્કરી શક્તિનું એક નવું સ્વરૂપ દર્શાવે છે : મોદી

નવી દિલ્હી, તા. ૨૧

લોકસભાનું ગૃહ શરૂ થાય તે પહેલાં PM મોદીએ મીડિયાને સંબોધિત કર્યું હતું. તેમણે કહ્યું- ઓપરેશન સિંદૂર સફળ રહ્યું. અમે ૨૨ મિનિટમાં ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કર્યો, દુનિયાએ ભારતની લશ્કરી તાકાત જોઈ.PMએ વધુમાં કહ્યું કે ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાએ નક્કી કરાયેલા લક્ષ્ય ૧૦૦% પ્રાપ્ત થયું. અમે તે સાબિત કર્યું. તે મેડ ઈન ઈન્ડિયા લશ્કરી શક્તિનું એક નવું સ્વરૂપ દર્શાવે છે.

અનુસંધાન પાના ૭ પર

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ પદની રેસમાં શિવરાજ સિંહ ચૌહાણનું નામ અગ્રેસર

### સંસદનું સત્ર શરૂ થતા ૧૫ ઓગષ્ટ બાદ રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે

નવી દિલ્હી, તા. ૨૧

આગામી સમયમાં વર્ષને અંતે આવી રહેલી બિહાર વિધાનસભા ચૂંટણીનું વાતાવરણ બનવા લાગ્યું છે અને તે સાથે સંસદનું સત્ર પણ આજથી શરૂ થયું છે. બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગત સપ્તાહે પશ્ચિમ બંગાળમાં જઈને આગામી સમયમાં અહીં યોજાનારી વિધાનસભાની ચૂંટણીનો મોરચો ઘણો વહેલો ખોલી નાખ્યો છે તે વચ્ચે ભાજપના રાષ્ટ્રીયની પસંદગીમાં હવે સંસદનું સત્ર પૂરૂ થયા બાદ જ નિર્ણય લેવાય તેવા સંકેત છે અને તે માટે તા.૧૫ ઓગષ્ટ પછી પ્રક્રિયા હાથ ધરાશે.

આ અંગે ભાજપના સુત્રોના દાવા મુજબ સરકાર હાલ સંસદના સત્રમાં જે રીતે વિપક્ષનો મુકાબલો કરવામાં વ્યસ્ત છે તે જોતા રાષ્ટ્રીય પ્રમુખની વરણીમાં નવી મુદત આવી શકે છે અને પક્ષ દ્વારા પણ આ અંગે હાલ કોઈ હીલચાલ નહી હોવાનો સંકેત છે. છેલ્લા કેટલાક સમયથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની ચૂંટણીમાં સંઘ અને ભાજપ વચ્ચે મતભેદો હોવાનું બહાર આવ્યા બાદ તેમાં અનેક નામોની ચર્ચા બાદ સંમતિ બની નથી.

૨૦ જાન્યુ. ૨૦૨૩ના જે.પી. નડ્ડાની મુદત પૂરી થયા બાદ તેમને સતત એકસટેન્શન અપાયું છે અને હવે પક્ષે તેના બંધારણ મુજબ ૫૦%થી વધુ રાજયોમાં નવા સંગઠનની રચના પૂરી કરી છે પરંતુ હજુ સુધી પક્ષને રાષ્ટ્રીય પ્રમુખ અંગે સંઘ તરફથી લીલીઝંડી મળી નહીં હોવાનું માનવામાં આવે છે.

પક્ષના સુત્રોના જણાવ્યા મુજબ નવા પ્રમુખના નામમાં શિવરાજ ચૌહાણ સૌથી આગળ દોડી રહ્યા છે અને તેઓએ પણ એક મુલાકાતમાં પક્ષના નિર્ણયને

અનુસંધાન પાના ૭ પર

# જુનાગઢ, માંગરોળ, ઢાંકમાં ૪-૪ ઈંચ વરસાદ નોંધાયો

### માણાવદર-વંથલીમાં ૩, કેશોદ, માળીયા, ગોંડલ, ભચાઉ, સિહોરમાં ૨ ઇંચ વરસાદ

અમદાવાદ તા. ૨૧

સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરી મેઘરાજાનો નવો રાઉન્ડ શરૂ થયો છે અને છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૧ થી ૪ ઇંચ વરસાદ વરસ્યો છે. ઉપલેટાનાં ઢાંકમાં ૪ ઇંચ, માણાવદર-વંથલીમાં ૩, કેશોદ-માળીયામાં ૨ ઇંચ, વિસાવદર-મેંદરડામાં ૧ ઇંચ, રાજકોટ જિલ્લામાં ૧ થી ૩ ઇંચ, જેમાં ઉપલેટામાં ૩ ઇંચ, ગોંડલમાં ૨, જામકંડોરણામાં ૧.૫ ઇંચ, કોટડાસાંગાણીમાં ૧ ઇંચ અને રાજકોટ શહેરમાં ૦.૫ ઇંચ વરસાદ વરસ્યો હતો.

તથા કચ્છનાં ભચાઉમાં ૨ ઇંચ, અંજારમાં ૧ ઇંચ, ભાવનગરનાં શિહોરમાં પોણા બે ઇંચ, દ્વારકાનાં ભાણવડમાં પણ પોણા બે ઇંચ, ગિર સોમનાથનાં સુત્રાપાડામાં ૧.૫ ઇંચ, દ્વારકાનાં કલ્યાણપુરમાં ૧ ઇંચ, જામનગર શહેરમાં ૧ ઇંચ, મોરબીનાં ટંકારા માળીયામાં ૧ ઇંચ, પાટણ-વેરાવળમાં ૧ ઇંચ, અમરેલીનાં કુકાવાવ-વડીયા પણ ૧ ઇંચ અને જામનગરનાં ધ્રોલમાં ૧ ઇંચ વરસાદ વરસ્યો હતો.

દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલ મુજબ ઉપલેટા છેલ્લા ૧૫ થી ૨૦ દિવસ ના વરસાદી આરામ

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશમાં ઈસ્લામિક શાસન લાગુ કરવા ઢાકા ખાતે મહા રેલી

### બાંગ્લાદેશમાં ફરી નવા-જુની થવાના સંકેત

ઢાકા, તા. ૨૧

બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓ દ્વારા ઈસ્લામિક શાસન લાગુ કરવાના પ્રયાસો વધી રહ્યા છે. એવામાં ઈસ્લામિક શાસનની તરફેણ કરતી દેશની સૌથી મોટી ઈસ્લામિક પાર્ટી જમાત-એ-ઈસ્લામીએ ઢાકામાં પોતાની પ્રથમ વિશાળ રેલી યોજી હતી.

પાકિસ્તાન સમર્થક આ પાર્ટીએ બાંગ્લાદેશમાં પોતાની તાકાત દેખાડવાનો પ્રયાસ કર્યો હતો. તેની સાથે હિઝ્બ ઉત-તહરીર, વિલાયાહ બાંગ્લાદેશ, અંસાર અલ-ઈસ્લામ જેવા કટ્ટર ધાર્મિક સંગઠનો પણ એકઠા થયા હતા અને ખુલ્લેઆમ જેહાદ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. રાજધાની ઢાકામાં જમાત-એ-ઈસ્લામી સહિતના ઈસ્લામિક પક્ષો, સંગઠનો એકઠા થયા હતા. આ રેલીમાં બહુ જ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. મંચ પરથી જમાત-એ-ઈસ્લામીના અધ્યક્ષ અમીર શફીકુર્રહમાને લોકોને હિંસાનો રસ્તો અપનાવવા ઉશ્કેર્યા હતા. બાંગ્લાદેશ મુક્તિ આંદોલનનો આ કટ્ટરવાદી પાર્ટીએ વિરોધ કર્યો હતો અને પાકિસ્તાની સૈન્યની સાથે મળીને બાંગ્લાદેશીઓની હત્યામાં જોડાઇ હતી.શેખ હસીનાએ આ પાર્ટી પર પ્રતિબંધ મુક્યો હતો જેને હાલની વચગાળાની મોહમ્મદ યુનુસ સરકારે હટાવી લીધો હતો. હવે જમાત-એ-ઈસ્લામી અને તેના સમર્થકો ખુલ્લેઆમ આતંકવાદનો રસ્તો અપનાવવા લોકોને ઉશ્કેરી રહ્યા છે. ઢાકાથી અનેક વીડિયો સામે આવ્યા છે જેમાં નેતાઓ લોકોને હિંસા કરવા કહી રહ્યા છે, નમાઝ બાદ મસ્જિદ

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં મોબાઈલ ગ્રાહકોની સંખ્યામાં ૪ લાખનો વધારો

### રાજ્યમાં હવે કુલ ૬.૬૨ લાખ લોકો મોબાઈલ ધરાવે છે

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતમાં એક તરફ લેન્ડલાઈન ફોનનો યુગ સમાપ્ત થતો હોય તેવા સંકેત છે અને વધુને વધુ લોકો મોબાઈલ તેમજ તેમાં પણ ડબલ સીમનો ઉપયોગ ફરી એક વખત શરૂ થયો છે તે સમયે રાજ્યમાં મે માસમાં મોબાઈલ ગ્રાહકોની સંખ્યા ૪ લાખ જેટલી વધી છે અને તેનો સૌથી મોટો લાભ રીલાયન્સ જીયોને મળ્યો છે.

તો આશ્ચર્યજનક રીતે નંબર ટુ ગણાતી ભારતી એરટેલ કરતા વોડાફોન આઈડીયાને વધુ નવા ગ્રાહકો મળ્યા છે જયારે ભારત સંચાર નિગમ લીમીટેડ જે હજુ ૫-જીમાં આવવા માટે પણ ધીમે ધીમે આગળ વધી રહી છે તેના ગ્રાહકોમાં અંદાજે ૯૫૦૦ સબક્રાઈબરનો ઘટાડો થયો છે.

ટેલીફોન રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડીયા (ટ્રાઈ)ના આ રીપોર્ટ મુજબ રાજયમાં હવે મોબાઈલ સબક્રાઈબરની સંખ્યા ૬.૬૨ કરોડની થઈ છે. અને ૨૦૨૫માં રાજયમાં કુલ ૧૨.૫ લાખ નવા

અનુસંધાન પાના ૭ પર

# મુંબઈમાં ૨૦૦૬ ટ્રેન બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૧૨ આરોપીઓને નિર્દોષ છોડી મુકતી હાઈકોર્ટ

### સાત ટ્રેનના સિરીયલ બોમ્બ બ્લાસ્ટમાં ૧૮૦ લોકોનાં મોત થયા હતા : વિશેષ મકોકા કોર્ટનો હુકમ રદ કરતી મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ, તા. ૨૧

મુંબઈના ૨૦૦૬ના ટ્રેન બૉંબ વિસ્ફોટમાં હાઈકોર્ટે આજે તમામ ૧૨ આરોપીઓને પૂરાવાના અભાવે નિર્દોષ જાહેર કરીને જો તેઓ અન્ય કોઈ કેસમાં આવશ્યક ન હોય તો



તૂર્ત જ જેલ મુકત કરવા આદેશ આપ્યો છે.

૧૧ જુલાઈ ૨૦૦૬ના મુંબઈમાં વેસ્ટર્ન રેલવેની સાત લોકલ ટ્રેનમાં એક બાદ એક વિસ્ફોટ થયા હતા જેમાં ૧૮૦ લોકો માર્યા ગયા હતા. આ કેસમાં ખાસ અદાલતે ૨૦૧૫માં ૧૨ લોકોને દોષીત જાહેર કર્યા હતા જેમાં પાંચને મૃત્યુદંડ અને સાતને આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

જેની સામે આરોપીઓએ મુંબઈ હાઈકોર્ટમાં કરેલી અપીલમાં આજે ઉઘડતી અદાલતે જ આપવામાં આવેલા ચૂકાદામાં હાઈકોર્ટના ન્યાયમૂર્તિ અનીલ પીલ્લોર અને ન્યાયમૂર્તિ શ્યામ ચાંડકની ખંડપીઠે પોતાના ચૂકાદામાં જણાવ્યું હતું કે, ફરીયાદ પક્ષ આરોપીઓ સામે આ કેસ સાબીત કરવામાં પૂરી રીતે નિષ્ફળ ગયો છે.

એ માનવું મુશ્કેલ છે કે, આરોપીઓએ આ અપરાધ કર્યો છે અને તેથી જ તેમને નિર્દોષ જાહેર કરવામાં આવેલ છે. અને સ્પષ્ટ કર્યુ હતું કે આ સિવાયના કેસમાં જો બાર

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં પીએનજીની કિંમત એક સમાન વસુલવા આદેશ

### ઘરેલુ ગ્રાહકો પાસેથી વધુ ભાવ વસુલી શકાશે નહીં

નવી દિલ્હી, તા. ૨૧

પેટ્રોલીયમ ક્ષેત્રનાં નિયામક પીએનજી આરબીએ શહેરી ગેસ રિટેલ વિક્રેતાઓને આદેશ કર્યો છે કે, ખોરાક રાંધવા માટે ઘરોમાં પાઈપ લાઈનથી આવતા પ્રાકૃતિક ગેસ (પીએનજી) માટે એક સમાન કિંમત વસુલે આમ એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી એક નિશ્ચિત ઉપયોગ સીમાથી વધુ કિંમત વસુલવાની પ્રવૃતિ પર અંકુશ લગાવી શકાય.

પેટ્રોલીયમ તેમજ પ્રાકૃતિક ગેસ નિયામક બોર્ડ (પીએનજીઆરબી)એ એક નોટીસમાં કહ્યું છે કે, એવુ જાણવામાં આવ્યું છે કે, કેટલાંક શહેરી ગેસ વિતરણ (સીજીડી) કંપનીઓ પીએનજીનાં ઘરેલુ ગ્રાહકો માટે વધતા ભાવ નિર્ધારણ સંરચના લાગુ કરી રહી છે.

જયાં વપરાશ પૂર્વ નિર્ધારીત સીમાથી વધુ હોવા પર પ્રાકૃતિક ગેસના દર એકમ (માન્ય ઘન મીટર) કિંમત વધી જાય છે. પીએનજી આરબીએ કહ્યું હતું કે, આવી પ્રથા ખોટી છે.

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં જૂનમાં ૧૨, જુલાઈમાં ૬.૫ ઇંચ સરેરાશ વરસાદ

## રાજ્યના તમામ પાંચ ઝોનમાં સિઝનનો કુલ ૫૦ ટકા વરસાદ વરસી ગયો

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં એકાદ પખવાડિયાથી મેઘરાજાનું જોર ધીમુ પડી ગયુ છે. છુટાછવાયા-અમુક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ સિવાય મોટાભાગે માત્ર ઝાપટા જ વરસી રહ્યા છે. રાજયમાં ચોમાસાનું આગમન વ્હેલુ થઈ ગયુ હતું એટલે જુનમાં જ સરેરાશ ૧૨ ઈંચ વરસાદ ખાબકી પડયો હતો તેની સામે જુલાઈને ૨૦ દિવસમાં તેનાથી અર્ધો જ સાડા છ ઈંચ વરસાદ જ થયો છે.

સામાન્ય રીતે જુલાઈમાં મહતમ વરસાદ થતો હોય છે. ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થઈ રહ્યાના સંકેત હોય તેમ આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાકમાં ત્રણ-ચાર સેન્ટરોમાં ચાર-ચાર ઈંચ સુધીનો વરસાદ થયો હતો. રાજયના ૨૯ જીલ્લાના ૧૪૧ તાલુકામાં વરસાદ થયો હોવા છતાં મોટાભાગે



હળવો જ હતો.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રીપોર્ટ પ્રમાણે જૂન મહિનામાં રાજયમાં સરેરાશ ૩૦૩.૦૯ મીમી (૧૨ ઈંચ) વરસાદ નોંધાયો હતો. જુલાઈમાં સૌથી વધુ વરસાદ થતો હોય છે. પરંતુ ચાલુ મહિનાના અત્યાર સુધીના ૨૦ દિવસમાં માત્ર ૧૬૭.૭૩ મીમી (સાડા છ ઈંચ) જ વરસાદ થયો છે.

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ ભૂસ્ખલનમાં નવ પરિણીત યુગલનું મોત

નવી દિલ્હી, તા. ૨૧

હિમાચલ પ્રદેશમાં રવિવાર રાતથી ભારે વરસાદ પડી રહ્યો છે. ચંબા જિલ્લાના ચડી પંચાયતમાં એક ટેકરી પરથી એક મોટો પથ્થર તેમના ઘર પર પડતાં એક નવપરિણીત યુગલનું મોત નીપજ્યું હતું. તેમના લગ્ન ફક્ત ૫ મહિના પહેલા જ થયા હતા. આજે હિમાચલના ૪ જિલ્લાના ૯ સબ-ડિવિઝનમાં શાળાઓ બંધ રાખવામાં આવી છે.સોમવારે સવારે જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં વૈષ્ણોદેવી જવાના જૂના માર્ગ પર ભૂસ્ખલન થયું હતું, જેમાં ઓછામાં ઓછા ચાર શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. આ દરમિયાન વાયુસેનાએ લેહની નુબ્રા ખીણમાં ફસાયેલા ૨૧ નાગરિકોને બચાવ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

# કોઈન ડીસીએક્સ પર સાઈબર હુમલો રૂ. ૩૭૮ કરોડની ડીજીટલ કરન્સી ગુમ

### કંપનીના ઈન્ટરનેશનલ એકાઉન્ટમાંથી જંગી રકમની ડીજીટલ કરન્સીની તફડંચી

નવી દિલ્હી, તા. ૨૧

દેશમાં ક્રિપ્ટોકરન્સીના વધતા જતા ચલણ વચ્ચે એક તરફ સરકારે હજુ આ ડીજીટલ કરન્સીને માન્યતા આપી નથી. પરંતુ રાજયમાં ક્રિપ્ટો એકસચેન્જને માન્ય ગણવામાં આવે છે તે વચ્ચે ક્રિપ્ટો ધારકોના ડીજીટલ ચલણની સલામતી સામે ઉભા થયેલા એક મોટા જોખમમાં એકર્સે જાણીતા ક્રિપ્ટો એકસચેન્જ કોઈનડીસીએક્સ પર સાઈબર એટેક કરીને રૂા.૩૬૮ કરોડની કિંમતના ક્રિપ્ટો ચોરી લીધા છે.

તેના પરિણામે કંપનીના નેટવર્ક સામે પણ મોટા પ્રશ્નો ઉભા થયા છે. સાઈબર એટેકમાં હેકર્સે શનિવારે સવારે કંપનીના એક ઓપરેશન્સ એકાઉન્ટને હેક કરી લીધુ હતું જો કે એકસચેન્જનો દાવો છે તેના ગ્રાહકોના વ્યકિતગત ફંડ સલામત છે જે એકાઉન્ટ ઉપર હેકર્સ એટેક કર્યો હતો.

તે લીકવીડીટી ઓપરેશન એટલે કે એકસચેન્જનું પોતાનું ભંડોળ છે અને ગ્રાહકોને તેનાથી કોઈ નુકશાની જતું નથી. કોઈનડીસીએકસના કોઈન ફાઉન્ડરે જણાવ્યું કે અમારી પાસે પુરતુ રીઝર્વ છે અને તેના કારણે કામકાજને કોઈ અસર થશે નહીં. અને કોઈનડીસીએકસમાં જે ગ્રાહકોના વેલેટમાં જે કાંઈ ડીજીટલ કરન્સી છે તેની તેઓ લેવડ દેવડ કરી શકે છે.

આ અગાઉ ભારતનું સૌથી મોટુ ગણાતું ક્રિપ્ટો એકસચેન્જ વજીરએકસ પણ હેકર્સનો સીકાર બન્યું હતું અને તેમાંથી રૂા.૧૯૨૩ કરોડ જેવી ડીજીટલ કરન્સી ચોરાઈ ગઈ હતી. ભારતમાં અંદાજે ૧.૬ કરોડ લોકો ક્રિપ્ટો વેલેટ ધરાવે છે.



## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના હસ્તે

# સુરત મહા નગર પાલિકાના વિવિધ ઝોનમાં સાકાર થનાર સાત નવી પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત

### આવનારા ૫૦ વર્ષના વિકાસના આયોજન સાથે સૂરત આગળ વધી રહ્યું છે : કેન્દ્રીય જળશક્તિ મંત્રી

સુરત, તા.૨૧

સુરત મહાનગરપાલિકાના સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત રૂ. ૩૫.૪૭ કરોડના ખર્ચે મનપાના સાઉથ ઝોન-બી (કનકપુર), લિંબાયત, વરાછા-એ અને બી તેમજ રાંદેર ઝોનમાં સાકારિત થનાર ૭ નવી પ્રાથમિક શાળાઓનું ખાતમુહૂર્ત સાઉથ ઝોન-બી (કનકપુર)ના પીએમશ્રી પારડી કણદે પ્રાથમિક શાળા નં.૩૬૭ ખાતેથી મેયર શ્રી દક્ષેશ માવાણીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ દરેક બાળકનો અધિકાર છે. ઝડપભેર સાકાર થનાર નવી પ્રાથમિક શાળાઓમાં બાળકોને ટેકનોલોજીના સંગમ સાથે જીવનલક્ષી શિક્ષણ મળશે. મનપાની શાળાઓમાં સ્માર્ટ શિક્ષણ પર ભાર આપવાના પ્રયાસોને આવકાર્યા હતા. કેન્દ્રીય મંત્રીશ્રીએ સચિનની શાળામાં છ વર્ષ સુધી અભ્યાસ કર્યો હોવાનું ગર્વભેર જણાવ્યું હતું. સુરત મનપા વિકાસ કામોની વણઝાર સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસિત થઈ રહેલું ચોથા નંબરનું શહેર છે. જે આપણું ગૌરવ છે. આવનારા ૫૦ વર્ષના વિકાસના આયોજન સાથે સૂરત આગળ વધી રહ્યું છે. ટુંક સમયમાં બુલેટ તથા મેટ્રો રેલ્વેનો લાભ શહેરીજનોને મળશે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં મંત્રીશ્રીએ જળસંચયનું મહત્વ જણાવી 'જળ છે તો જીવન છે' અને 'જલ હે તો કલ હે' સૂત્રને સાકાર કરવા માટે સૌને એપાર્ટમેન્ટમાંથી, પોતાના ઘરની અગાશીઓ તથા કોર્પોરેશનના બિલ્ડીગોમાંથી પાણી જમીનમાં ઉતારવા માટેના પ્રયત્નો કરવાનો

અનુસંધાન પાના ૭ પર

# શ્રમિક કલ્યાણ બોર્ડ પાસે રૂા.૬૫૦૦ કરોડનું ફંડ એકત્ર

### ફંડનો શ્રમિકોના કલ્યાણ માટે ઉપયોગ કરવા વિજય શેણમારેની માંગ

AITUC ગુજરાત રાજ્ય સમિતિના ઉપપ્રમુખ વિજય શેણમારે-એડવોકેટ એક અખબારી યાદીમાં જણાવે છે કે,ગુજરાત રાજ્યમાં આશરે ૨૫ લાખ બાંધકામ શ્રમિકો છે. પરંતુ શ્રમિકોના પૂરેપૂરા નામો બોર્ડમાં નોંધાયા નથી. આ તમામ બાંધકામ શ્રમિકો અસંગઠિત ક્ષેત્રના કામદારો ગણાય છે. આ શ્રમિક કામદારોના કલ્યાણ માટે સરકારીશ્રી દ્વારા કલ્યાણ બોર્ડની સ્થાપના પણ કરવામાં આવી છે. આ કલ્યાણ બોર્ડમાં બિલ્ડરો ઉપર નાખવામાં આવેલા સેસના કારણે આશરે ૬૫૦૦ કરોડ રૂપિયા ભેગા થયા છે. જેના ઉપર વ્યાજની રકમ પણ ભેગી થાય છે. પરંતુ તેમના સ્વાસ્થ્ય આરોગ્ય સલામતી તથા સારું જીવન ગુજારી શકે તે માટે કલ્યાણ બોર્ડમાં જમા થયેલ નાણાંનો સદ ઉપયોગ કરવામાં આવતો નથી. જે ચિંતાજનક અને દુઃખદ બાબત છે. ઘણા સમયથી આ બાબતે ગુજરાતના વિવિધ સંગઠનો દ્વારા રજૂઆત પણ કરવામાં આવે છે. પણ માંગણી સ્વીકારવામાં આવતી નથી. જેથી ગુજરાત AITUC સમિતિ તરફથી ગુજરાતના શ્રમ આયુક્ત શ્રી કે.ડી લાખાણી ગાંધીનગરના ને પત્ર મોકલી ઘટતું કરવા માંગ કરી છે.




# પાર્શ્વ જ્વેલરી હાઉસ આપી રહ્યું છે જૂના ભાવે નવા ઘરેણાં

### સંબંધમાં પાર્શ્વ જ્વેલરીનું સૌથી મોટું ઈન્વેસ્ટમેન્ટ

અમદાવાદ, તા.૨૧

છેલ્લાં કેટલાંક સમયથી ગોલ્ડના ભાવ સતત ઊંચા જઈ રહ્યાં છે, ત્યારે "સાચો સંબંધ" એ નથી જોતો કે રેટ શું છે ? એ જોવે છે સાચી લાગણી અને એ જ લાગણી સાથે પાર્શ્વ જ્વેલરી હાઉસ આપની સાથે આપના દરેક લાગણી ભર્યા પ્રસંગોમાં અંગત પરિવારની જેમ હંમેશાથી સાથે રહે છે. ટૂંક સમયમાં પાર્શ્વ જ્વેલરી હાઉસ ગુજરાતમાં તેની ઉપસ્થિતિનું વિસ્તરણ કરતાં ગાંધીનગરમાં તેના નવા હાઉસનો પ્રારંભ કરશે. પાર્શ્વનું માનવું છે કે, ગ્રાહક માત્ર ખરીદનાર નથી, એક પરિવાર છે અને એટલે જ પાર્શ્વ જ્વેલરી હાઉસ આપી રહ્યું છે જુના ભાવે નવા ઘરેણાં. પાર્શ્વની સફર માત્ર ઘરેણાં સુધી નથી રહી એ ઘરની લાગણીઓ સુધી ગઈ છે. એક કન્યાના લગ્ન હોય કે માતાની વર્ષગાંઠ, એક નાના બાળકનું નામકરણ હોય કે દાદા-દાદીના પૌત્રાદિક ભેટ, દરેક ઘરના આશીર્વાદમાં પાર્શ્વ સાથે છે.આજે પણ જ્યારે બજારમાં સોનાના ભાવ સતત નવી ટોચે સ્પર્શી રહ્યાં છે ત્યારે પાર્શ્વએ ફરીથી વિશ્વાસ જીત્યો છે. આ સાથે સાથે ભાવ નહિ, સંબંધ મહત્વના છે એ સાબિત કરીને સૌના દિલ જીતી લીધા છે અને આવું બધું શક્ય બને છે કારણ કે પાર્શ્વ માટે "સંબંધ સૌથી મોટું ઈન્વેસ્ટમેન્ટ છે." સૌથી શ્રેષ્ઠ ગુણવત્તાવાળી એચયુઆઈડી સર્ટિફાઈડ જવેલરી, વિના કોઈ પણ શરતે આપવામાં આવે છે. શું તે માતા માટે છે કે દીકરી માટે? શું તે પત્ની માટે છે કે બહેન માટે ? — દરેક પ્રસંગ, દરેક સંબંધ માટે એક નવું કલેકશન, જે આંખોથી દિલ જીતી લે અને ખાસ વાત ? મેકિંગ ચાર્જિસ પણ જુના જ રેટ પર અને એમાં પણ જુના ઘરેણાં તો નવા જ ભાવે ખરીદી નવું સોનું જુના ભાવ પર આપી રહ્યા છે. આમ, તમારું જૂનુ સોનું પણ હવે ઓલ્ડ ફેશન નથી એ પણ તમારા સપનાનું પગથિયું છે.



# ગજેરા વિદ્યાભવન સાઈબર ક્રાઈમ વિશે જાગૃતિ કાર્યક્રમ

### પોલીસ સહાયક કમિશનર કે. મિની જોશેફ દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન

સુરત, તા.૨૧

તારીખઃ ૧૭.૦૭.૨૦૨૫ અને ૧૯.૦૭.૨૦૨૫ ગજેરા વિદ્યાભવન, કતારગામ ખાતે વિદ્યાર્થીનીઓને માટે સાઈબર ક્રાઈમ અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૯૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું નેતૃત્વ સુરત ક્રાઈમ બ્રાંચના (મહિલા સેલ) એ.સી.પી. મીસ કે. મિની જોશેફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ વિદ્યાર્થીનીઓમાં સાઈબર ગુનાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો અને તેમનો ડિજિટલ જગતમાં સુરક્ષિત વલણ વિકસાવવાનો રહ્યો. એસિપી મેડમે વિદ્યાર્થીનીઓને સોશિયલ મીડિયા પર થતી છેતરપિંડી, ઓનલાઈન બુલીંગ, ઓળખ ચોરી, બ્લેકમેઈલ અને અયોગ્ય સામગ્રીના જોખમો વિશે વિસ્તૃત માહિતી આપી. તેમણે વિદ્યાર્થીનીઓને તેમનાં કાયદેસર અધિકારો, સાઈબર સુરક્ષા માટે જરૂરી પગલાં, અને સાઈબર સેલની કામગીરી વિશે સમજાવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓને ઉત્સાહપૂર્વક પ્રશ્નો પૂછ્યા અને વ્યવહારિક માર્ગદર્શન મેળવ્યું. કાર્યક્રમનું સમાપન મેડમના શક્તિશાળી સંદેશ સાથે થયું: "સાવધાન રહો, સ્માર્ટ રહો અને અવાજ ઊઠાવો!"



# સુરત સ્વચ્છતામાં અગ્રેસર બનતા કર્મીઓને એક ઈન્ક્રીમેન્ટ આપવા માંગ

### સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ દ્વારા મેયરને પાઠવાયેલી શુભેચ્છા

સુરત, તા.૨૧

સુરત-ભારત સરકાર તરફથી યોજવામાં આવેલ સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત મહાનગરપાલિકાએ સમગ્ર ભારતમાંસ્વચ્છતા સુપર લીગમાં પ્રથમ સ્થાન મેળવી એવોર્ડ મેળવેલ છે.જે બદલ સુરત મહાનગરપાલિકા માન્ય યુનિયન,સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળના પ્રમુખ મોહંમદ ઈકબાલ શેખ,ઉપપ્રમુખ રમણલાલ નાયકા,ઉપપ્રમુખ ભરત ઠાકોર,મહામંત્રી દેવેન્દ્ર પ્રજાપતિ,મંત્રી મનીષ કહાર, મંત્રી રવિ ઠક્કર તેમજ કારોબારી સભ્યોએ મેયર શ્રી દક્ષેશ માવાણીને પુષ્પગુચ્છથી શુભેચ્છાઓ આપી હતી.તેમજ સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ તરફથી એક પત્ર આપી,સુરત મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓને એક ઈન્ક્રીમેન્ટ આપવા માટે, સુરત મહાનગર પાલિકામાં સફાઈ કામદાર તરીકેની ફરજ બજાવતા કામદાર ભાઈ બહેનો જો સ્વૈચ્છિક નિવૃત્તિ લે તો તેમના સ્થાને તેમના એક આશ્રિતને નોકરી આપવા બાબતનો ઠરાવ કરવા તેમજ રહેમરાહે નોકરી આપવાનો જે ઠરાવ છે,તેનો અમલ છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી રહ્યો નથી.જે અમલ પણ તાકીદે કરવા માટે સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ તરફથી રજૂઆત કરવામાં આવી હતી.

# ખેરગામની કોલેજમાં સપ્તધારા અંતર્ગત કેશ ગુંફન સ્પર્ધા યોજાઈ

### સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિનિશા કુમારી પટેલ વિજેતા જાહેર



ખેરગામ, તા.૨૧

ખેરગામ સરસીયા ખાતે આવેલી સરકારી વિનયન વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજમાં સપ્તધારા અન્વયે સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત કેશ ગુંફન સ્પર્ધા, તા.૧૭/૦૭/૨૦૨૫ને ગુરુવારના રોજ કૉલેજના આચાર્ય ડૉ.સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ગતરોજ અલુણા વ્રત નિમિત્તે કેશ ગુંફન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીનીઓ વ્રતની ઉજવણીનું ધાર્મિક મહત્વ સમજે તેમજ તેમનામાં રહેલી સર્જન શક્તિ ખીલે એ હતો.આ સ્પર્ધામાં કોલેજની ૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ અવનવી આધુનિક કેશ ગુંફન કરી પોતાનામાં રહેલી સર્જન શક્તિઓ ખીલવી હતી અને સ્પર્ધાને સફળ બનાવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક ઓમાં ૧.ડૉ.જયશ્રીબેન એસ. પટેલ ૨ ડૉ.મેઘનાબેન આર.પટેલ ૩.ડૉ. યોગેશકુમાર એન.ટંડેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્પર્ધાના નિયમો સમજાવી, વિદ્યાર્થીનીઓને ઉત્સાહિત કર્યા હતા.અને નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. વિજેતા વિદ્યાર્થીનીઓનાં નામ પ્રથમ ક્રમે પટેલ મિનિશાકુમારી, દ્વિતીય ક્રમે પટેલ મૈત્રી અને તૃતીય ક્રમે બે વિદ્યાર્થીનીઓ પટેલ નિકિતા અને પટેલ પ્રિયા રહ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન કોલેજના આચાર્ય માનનીય ડૉ. સંજય પટેલ IQAC સમિતિ અને સપ્તધારાના અધ્યક્ષના માર્ગદર્શન હેઠળ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાની સમિતિ દ્વારા કરવામા આવ્યું હતું.

# વિવનીટ એકઝીબીશનમાં એકઝીબીટર્સને રૂા. ૫૦૦ કરોડથી વધુનો બિઝનેસ મળ્યો

### જેન્યુન બાયર્સ સહિત ૧૧, ૮૮૫ જેટલા વિઝીટર્સે પ્રદર્શનની મુલાકાત લીધી

સુરત, તા.૨૧

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૮ થી ૨૦ જુલાઈ ૨૦૨૫ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા 'વિવનીટ એકઝીબીશન–૨૦૨૫'નું આજરોજ સમાપન થયું હતું. આ પ્રદર્શનમાં એકઝીબીટર્સને જેન્યુન બાયર્સનો અને સુરતના વેપારીઓનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરતના વિવર્સ અને નીટર્સને તેમજ ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં ઝંપલાવવા માગતા ઉદ્યોગ સાહસિકોને પ્લેટફોર્મ આપવાના હેતુથી કરવામાં આવેલા પ્રયાસને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે. ભારતની મુખ્ય કાપડની મંડીઓ જેવી કે ઈન્દોર, કટક, જયપુર, પૂણે, બનારસ, ગ્વાલિયર, હૈદરાબાદ, બેંગ્લોર, ચંડીગઢ, લુધિયાના, કોલકાતા, લખનઉ, ચેન્નાઈ, મુંબઈ અને દિલ્હીથી ફેબ્રિકસના મોટા ગજાના જેન્યુન બાયર્સ તેમજ કોર્પોરેટ હાઉસના પરચેઝ મેનેજરો અને

અનુસંધાન પાના ૭ પર

# ન્યુ પ્રા .સ્કૂલ ટીચર્સ કો.ઓ ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા મળી

### વિદાય લેતા ચેરમેન કિશોરસિંહ કપલેટા,વાઇસ ચેરમેન દિનેશ ટંડેલનું સન્માન



ધી ન્યુ ન્યુ પ્રા .સ્કૂલ ટીચર્સ કો.ઓ ક્રેડિટસોસાયટી લિ. સુરતની સાધારણ સભા અને સન્માન સમારંભ રવિવારે

મોઢવણિક પંચની વાડી લાલ દરવાજા, સુરત ખાતે યોજાયો. મંડળીના વિદાય લેતા યશસ્વી ચેરમેનશ્રી કિશોરસિંહ કપલેટા વાઈસ ચેરમેન શ્રી દિનેશ ટંડેલ તથા સભાસદોની ઉપસ્થિતિમાં મંડળીના નવા અધ્યક્ષ તરીકે ગોલ્ડ મેડાલિસ્ટ કારોબારી શ્રી દિપેન પટેલની સર્વાનુમતે પસંદગી કરાઈ હતી અને મહાનુભવોના વરદ હસ્તે નિવૃત સભાસદોનું સન્માન કરાયુ.જનરલ સભામાં સભાસદ માટે ૧૨ લાખ કરજ ધિરાણ કરાયું હતું ગંભીર બીમારીમાં ૩ લાખની સહાય ૬૦ હપ્તાથી વગર વ્યાજે આપશે. સભાસદ મૃત્યુ સહાયમા વધારો કરાયો હતો. આખા ગુજરાતની આ એક મંડળી હશે જેમાં ચૂંટણી થતી નથી, સત્તા માટે સ્પર્ધા થતી નથી. સભાસદો ,વ્યવસ્થા મંડળી માં બિરદારી, વિશ્વાસ પૂર્ણ વાતાવરણ ઈમાનદારીથી વહીવટ થાય છે.ધી ન્યુ ન્યુ પ્રા .સ્કૂલટીચર્સ કો.ઓ ક્રેડિટસોસાયટી લિ. સુરત કરજ આપવાનું ઝડપી મેનેજમેન્ટ, સમયસર ડિવિડન્ડ ધિરાણ નિયમિત ઓડિટ અને સમયસર જનરલ સભા થાય છે સેવા,સમર્પણ,સમાનતાના સિદ્ધાંત વરેલી ૯૦ વર્ષ ની આ એક સફળ યાત્રા છે જેનો સ્લોગન છે વિના સહકાર નહિ ઉદ્ધારથીઅવરીત પ્રગતિ કરી રહી છે

# ખેરગામના ખાખરી ફળિયામાંથી આઠ જુગારીઓને ઝડપી પાડ્યા

### રૂા.૧૬.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી નવસારી એલસીબી પોલીસ

ખેરગામ, તા.૨૧

નવસારી એલસીબી પોલીસે બાતમી આધારે ખેરગામ તાલુકાના ખેરગામ ખાતે જુગાર રમતા આઠ જેટલા શખ્સોને ઝડપી પાડી રોકડા રૂ.૩.૧૦ લાખ,ચાર નંગ મોબાઈલ કિ.રૂ.૬૩,૦૦૦/-,અને ત્રણ વાહનો કિ.રૂ.૧૨.૫૦ લાખ મળી કુલ્લે રૂ.૧૬.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરતા જુગારીયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ઘટનાની પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર નવસારી એલસીબી શાખાના સિનિયર પીઆઇ વી.જે.જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના ખેરગામ ખાખરી ફળિયા ખાતે આવેલ મારુતિ એન્ટરપ્રાઇઝના ખુલ્લા શેડમાં મધરાતના સમયે લાઈટ ના પ્રકાશમાં કેટલાક શખ્સો તીનપત્તિનો જુગાર રમી રહ્યા છે.જે બાતમીના આધારે એલસીબી ટીમના પોલીસ કર્મીઓએ ઉપરોક્ત જુગારના સ્થળે ત્રાટકતા જુગાર રમતા આઠ જેટલા શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે જુગારીઓની અંગ ઝડતી કરતા રોકડ રૂપિયા ૨,૯૪,૨૦૦/-,જુગારના પટમાં મુકેલ રોકડ રૂપિયા ૧૫,૮૦૦/-,ચાર નંગ મોબાઈલ કિ.રૂ.૬૩,૦૦૦/- અને મારુતિ ઈકો કાર જીજે-૧૫-સીજી-૮૨૮૨ કિ.રૂ.૩.૫૦ લાખ,હોન્ડા ડબ્લ્યુઆરવી નં-જીજે-૧૨-ડીએ-૯૯૫૮ કિ.રૂ.૫-લાખ,હોંડા અમેઝ જીજે-૦૫-આરડી-૯૪૮૭ કિ.રૂ.૪-લાખ મળી કુલ ૧૬,૨૩,૨૫૦/- નો મુદામાલ કબ્જે કર્યો છે.સદર ગુનાની વધુ તપાસ ચીખલીના પીઆઇ-દિપક એસ.કોરાટ કરી રહ્યા છે.

# મેડિકલ ઓફિસર્સ એસો.ની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

### હાલના હોદ્દેદારોને આગામી વર્ષ સુધી ચાલુ રાખવા સર્વાનુમતે ઠરાવ પસાર

સુરત, તા.૨૧

ગુજરાત ઈન સર્વિસ ડોકટર્સ એસોસિયેશન (GIDA) સુરત બ્રાંચ અને જીએમએસ ક્લાસ-૨ મેડિકલ ઓફિસર્સ એસોસિયેશન સુરત બ્રાંચની સંયુક્ત એક્ઝિક્યુટિવ તેમજ વાર્ષિક સામાન્ય સભા ધૈ઼્ઠઇ૭ સુરત એસોસિએશનના પ્રમુખશ્રી ડો. અનિલ બી પટેલ- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સુરતના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં મહેમાન તરીકે સુરત IMA ના પ્રમુખશ્રી ડો. સી બી પટેલ હાજર રહ્યાં. આ મિટિંગમાં જીએમએસ ક્લાસ-૨ના પ્રમુખશ્રી ડો.વિપુલ તેમજ એસોસિએશનના ઉપ પ્રમુખશ્રીઓ ડો. કેતન નાયક- RMO સુરત સિવિલ, ડો.દિનેશ વસાવા-DTO સુરત, ડો. પિયુષ શાહ-RCHO સુરત, ડો. હેમાક્ષી દેસાઈ, ડો. ભરત પટેલ,ડો. ઉમેશ ચૌધરી, ડો. પુનમ વળવી તેમજ અન્ય હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.વર્ષ દરમિયાન બંને એસોસિએશન દ્વારા કરવામાં આવેલી કામગીરીઓ અને પડતર

અનુસંધાન પાના ૭ પર

# ભારતમાં ડીજીટલ માધ્યમ વડે એક ટ્રીલિયન ડોલરનું ટ્રાન્જેક્શન થયું

### ઉદ્યોગ સાહસિકોને ગ્લોબલ ટ્રેડ વિશે માર્ગદર્શન આપતા દેવેન ચોક્સી

સુરત, તા.૨૧

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૧૮ જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'Uncertainty to Opprotunity : Recalibrating Global Trade' વિષય પર સેમિનાર યોજાયો હતો, જેમાં ઢ્ઢિરીાજીઅ ક્ષ્રૈહજીદ્દિ પ્રા. લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી દેવેન ચોકસીએ ઉદ્યોગ સાહસિકોને ગ્લોબલ ટ્રેડ વિશે મહત્વની સમજ આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'વિશ્વ આજે અસ્થિરતાના એક નવા યુગમાંથી પસાર થઈ રહ્યું છે. કોવિડ મહામારી, જીઓ-પોલિટિકલ પરિવર્તનો, સપ્લાય ચેઈનના ખોરવાયેલા માળખાં, અને નવી ટેકનોલોજીના આગમનને કારણે વૈશ્વિક વેપારના નિયમો સતત બદલાઈ રહ્યા છે. પરંતુ, દરેક અનિશ્ચિતતામાં એક તક છૂપાયેલી હોય છે. માત્ર જરૂર છે તેને અનુરૂપ પોતાના વ્યવસાયમાં કેટલાક મહત્વના પગલા લેવામાં આવે.' વધુમાં તેમણે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આગામી સમયમાં કરવામાં આવનાર પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.શ્રી દેવેન ચોકસીએ જણાવ્યું હતું કે, 'હાલમાં અમેરિકામાં ડિગ્લોબલાઈઝેશનની શરૂઆત થઈ છે. અમેરિકા ૩.૪ ટ્રિલિયન ડોલરનું ઈમ્પોર્ટ કરે છે અને ૨.૮ ટ્રિલિયન ડોલરનું એક્સપોર્ટ કરે છે. અમેરિકાના ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટના આંકડાઓમાં મોટો તફાવત જોવા મળે છે. તેથી અમેરિકામાં આગામી સમયમાં અનેક પ્રોડક્ટની મેન્યુફેક્ચરીગની શરૂઆત કરવાની તૈયારીમાં છે, જેથી ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટના આંકડાઓમાં સમાનતા લાવી શકાય. અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા લેવામાં આવી રહેલા ટેરિફના નિર્ણયોથી આગામી સમયમાં અનેક સારા પરિણામો

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બરની બુલિયન કમિટીના ચેરમેન બનતા નિલેશ લંગાળીયા

### લંગાળીયા સુરત જ્વેલરી એસોસિએશનના ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપે છે



સુરત, તા.૨૧

(મહેન્દ્રભાઈ સોની દ્વારા) સુરતઃ સુરત ની સૌથી મોટી વ્યાપારિક સંસ્થા એટલે સાઉથ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રીઝ (SGCCI) જેમાં ૧૧૦૦૦ થી વધુ સીધા સભ્યો જોડાયેલા છે અને ૧૫૦ થી વધુ વેપારી એસોસિએશન પણ આ સંસ્થા સાથે જોડાયેલા છે અને જે એસોસિએશન જોડાયેલી છે તે એસોસિએશન માં કુલ બે લાખ જેટલા સદસ્યો જોડાયેલા છે અને આ એસોસિએશન દ્વારા ઉધોગો ને મુંજવતી સમસ્યાઓ ને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર માં રજૂઆતો કરી ને સુલજાવવા માં આવે છે એવા ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રચાયેલ બુલિયન કમિટી ના ચેરમેન તરીકે સુરત જ્વેલરી એસોસિએશન ના ઉપપ્રમુખ

અનુસંધાન પાના ૭ પર

# શું મારા પિતાનો વધ કરવામાં સરસ્વતી, લક્ષ્મી ને પાર્વતીનો સહકાર હતો?



માતા પાર્વતીની વિનંતી સાંભળી ભગવાન શિવે કહ્યું, 'પ્રિયે પૃથ્વીવાસીઓ મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૧ જ્યોર્તિલિંગની પૂજા અર્ચના કરશે તેમના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકશે.' તો માતા પાર્વતીએ કહ્યું, 'પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે પ્રથમ તમે તમારા નવ અવતાર અને ૧૧ જ્યોર્તિલિંગ વિશે જણાવો.' ભગવાન શિવે કહ્યું કે 'હું શ્ર્વેત, સુતાર, દમન, સુહોત્ર, કંક, લોકાક્ષિ, ઋષભ નામે અવતાર લઈશ. તેમજ કળિયુગમાં હું સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલ, ઓમકારેશ્ર્વર-મમલેશ્ર્વર, વૈજનાથ, ભીમાશંકર, રામેશ્ર્વર, નાગેશ્ર્વર, વિશ્ર્વેશ્ર્વર, કેદારેશ્ર્વર અને ઘૃષ્ણેશ્ર્વર નામે પ્રગટ થઈશ. જે માનવ આ જ્યોર્તિલિંગની પૂજા-અર્ચના કરશે તેના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવશે. માતા પાર્વતીએ તેમને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના પ્રાગટ્ય વિશે માહિતી આપવા જણાવતાં ભગવાન શિવે કહ્યું,

ચંદ્ર દેવ દક્ષ પ્રજાપતિની ૨૭ પુત્રી સાથે પરંપરાગત રીતે લગ્ન કરે છે. ચંદ્ર દેવ દ્વારા રોહિણી પ્રત્યે વિશેષ પ્રેમ દર્શાવાતા તેની અન્ય પત્નીઓમાં રોહિણીની ઈર્ષ્યા થતી. દક્ષ પ્રજાપતિએ ચંદ્ર દેવને વારંવાર સમજણ આપી, પણ રોહિણી પ્રત્યેનો તેમનો પ્રેમ યથાવત રહ્યો અને અન્ય પત્નીઓને ન્યાય ન આપી શકવાના ચંદ્ર દેવના વર્તનથી ગુસ્સે થઈને દક્ષ પ્રજાપતિએ તેમને કદરૂપા (ક્ષયરોગ) થવાનો શાપ આપ્યો, દક્ષ પ્રજાપતિના શ્રાપથી ચંદ્રદેવ પથારીવશ થઈ ગયા.

ચંદ્રદેવની સ્થિતિ જોઈ દક્ષ પ્રજાપતિ તેમના આરાધ્ય ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે ક્ષીરસાગર પહોંચ્યા. ભગવાન શ્રીહરી વિષ્ણુ જણાવે છે કે, તમારો શ્રાપ ચંદ્રદેવે ભોગવવો જ પડશે, પણ એ શ્રાપથી ભગવાન શિવ જ રક્ષણ કરી શકશે. ચંદ્રદેવ અને તેમની પત્નીઓ જો ભગવાન શિવના શરણે જશે તો ચંદ્રદેવની રક્ષા થઇ શકશે. ચંદ્રદેવ અને તેમની ૨૭ પત્નીઓ ભગવાન શિવની આરાધના કરે છે. તેમનો સ્વર કૈલાસ સુધી પહોંચતાં ભગવાન શિવ પ્રભાસ ખાતે જ્યાં ચંદ્રદેવ અને તેની પત્નીઓને સાક્ષાત દર્શન આપે છે અને કહે છે, હે ચંદ્રદેવ, તમારું પૂર્ણપણે શ્રાપ મુક્ત થવું શક્ય નથી. પરંતુ સમસ્ત સંસારના સમતુલન માટે હું તમારા શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન નિરંતર વધતી રહેશે અને બીજા પક્ષમાં તમારી કલા પ્રતિદિન ક્ષીણ થતી રહેશે.

માતા પાર્વતીની વિનંતી સાંભળી ભગવાન શિવે કહ્યું, 'પ્રિયે પૃથ્વીવાસીઓ મારા નવ આશુતોષ અવતારોનું શ્રવણ અથવા ૧૧ જ્યોર્તિલિંગની પૂજા અર્ચના કરશે તેમના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવી શકશે.' તો માતા પાર્વતીએ કહ્યું, 'પૃથ્વીવાસીઓના કલ્યાણ માટે પ્રથમ તમે તમારા નવ અવતાર અને ૧૧ જ્યોર્તિલિંગ વિશે જણાવો.' ભગવાન શિવે કહ્યું કે 'હું શ્ર્વેત, સુતાર, દમન, સુહોત્ર, કંક, લોકાક્ષિ, ઋષભ નામે અવતાર લઈશ. તેમજ કળિયુગમાં હું સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલ, ઓમકારેશ્ર્વર-મમલેશ્ર્વર, વૈજનાથ, ભીમાશંકર, રામેશ્ર્વર, નાગેશ્ર્વર, વિશ્ર્વેશ્ર્વર, કેદારેશ્ર્વર અને ઘૃષ્ણેશ્ર્વર નામે પ્રગટ થઈશ. જે માનવ આ જ્યોર્તિલિંગની પૂજા-અર્ચના કરશે તેના પાપોનો નાશ થશે અને ધન, યશ અને મનોવાંછિત ફળ મેળવશે. માતા પાર્વતીએ તેમને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના પ્રાગટ્ય વિશે માહિતી આપવા જણાવતાં ભગવાન શિવે કહ્યું,

ચંદ્ર દેવ દક્ષ પ્રજાપતિની ૨૭ પુત્રી સાથે પરંપરાગત રીતે લગ્ન કરે છે. ચંદ્ર દેવ દ્વારા રોહિણી પ્રત્યે વિશેષ પ્રેમ દર્શાવાતા તેની અન્ય પત્નીઓમાં રોહિણીની ઈર્ષ્યા થતી. દક્ષ પ્રજાપતિએ ચંદ્ર દેવને વારંવાર સમજણ આપી, પણ રોહિણી પ્રત્યેનો તેમનો પ્રેમ યથાવત રહ્યો અને અન્ય પત્નીઓને ન્યાય ન આપી શકવાના ચંદ્ર દેવના વર્તનથી ગુસ્સે થઈને દક્ષ પ્રજાપતિએ તેમને કદરૂપા (ક્ષયરોગ) થવાનો શાપ આપ્યો, દક્ષ પ્રજાપતિના શ્રાપથી ચંદ્રદેવ પથારીવશ થઈ ગયા.

ચંદ્રદેવની સ્થિતિ જોઈ દક્ષ પ્રજાપતિ તેમના આરાધ્ય ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે ક્ષીરસાગર પહોંચ્યા. ભગવાન શ્રીહરી વિષ્ણુ જણાવે છે કે, તમારો શ્રાપ ચંદ્રદેવે ભોગવવો જ પડશે, પણ એ શ્રાપથી ભગવાન શિવ જ રક્ષણ કરી શકશે. ચંદ્રદેવ અને તેમની પત્નીઓ જો ભગવાન શિવના શરણે જશે તો ચંદ્રદેવની રક્ષા થઇ શકશે. ચંદ્રદેવ અને તેમની ૨૭ પત્નીઓ ભગવાન શિવની આરાધના કરે છે. તેમનો સ્વર કૈલાસ સુધી પહોંચતાં ભગવાન શિવ પ્રભાસ ખાતે જ્યાં ચંદ્રદેવ અને તેની પત્નીઓને સાક્ષાત દર્શન આપે છે અને કહે છે, હે ચંદ્રદેવ, તમારું પૂર્ણપણે શ્રાપ મુક્ત થવું શક્ય નથી. પરંતુ સમસ્ત સંસારના સમતુલન માટે હું તમારા શ્રાપને હળવો કરી શકું છું. આજથી તમારી કલા એક પક્ષમાં પ્રતિદિન નિરંતર વધતી રહેશે અને બીજા પક્ષમાં તમારી કલા પ્રતિદિન ક્ષીણ થતી રહેશે. દેવરાજ ઈન્દ્રઃ બ્રહ્મદેવ તમારા ભક્ત ગજાસુરને વરદાન નહીં આપવા અમારી વિનંતી છે.

**ચંદ્રદેવની સ્થિતિ જોઈ દક્ષ પ્રજાપતિ તેમના આરાધ્ય ભગવાન શ્રીહરિ વિષ્ણુ પાસે ક્ષીરસાગર પહોંચ્યા. ભગવાન શ્રીહરી વિષ્ણુ જણાવે છે કે, તમારો શ્રાપ ચંદ્રદેવે ભોગવવો જ પડશે, પણ એ શ્રાપથી ભગવાન શિવ જ રક્ષણ કરી શકશે.**



# ભગવાન શિવની પ્રિય વસ્તુઓ

શ્રાવણ મહિનો શિવભક્તિનો પવિત્ર મહિનો માનવામાં આવે છે. આ મહિનામાં ભક્તો ખૂબ જ ભક્તિભાવથી ભોલેનાથની પૂજા કરે છે અને તેમના આશીર્વાદ મેળવવા માટે ઘણા ઉપાયો કરે છે. શ્રાવણ મહિનો ભગવાન શિવની ભક્તિ માટે સૌથી ખાસ માનવામાં આવે છે, જેમાં ભોલેનાથ ફક્ત એક લોટા પાણીથી પ્રસન્ન થઈ જાય છે. એવું કહેવાય છે કે શિવજી એક એવા દેવ છે જે ખૂબ જ ઝડપથી પ્રસન્ન થઈ જાય છે. જો તેમને સાચા હૃદયથી બીલીપત્ર પણ ચઢાવવામાં આવે તો તેઓ ખુશ થઈ જાય છે. આ સમય દરમિયાન શિવજીને તેમની પ્રિય વસ્તુઓ અર્પણ કરવાથી ઈચ્છાઓ પૂર્ણ થાય છે. ચાલો જાણીએ ભગવાન શિવની પ્રિય વસ્તુઓ કઈ છે.

શિવને કયો રંગ ગમે છે?

ધાર્મિક માન્યતાઓ અનુસાર ભગવાન શિવને લીલો રંગ ખૂબ ગમે છે. શાસ્ત્રો અનુસાર શિવજી પ્રકૃતિ પ્રેમી છે અને લીલો રંગ પ્રકૃતિનું પ્રતીક છે, તેથી તેમને લીલો રંગ ખૂબ ગમે છે.

ભોલેનાથનો સૌથી પ્રિય ખોરાક કયો છે?

ભોલેનાથને ભાંગ, ધતૂરા, બીલીપત્ર અને બરફી અને ખીર જેવી સફેદ મીઠાઈઓ ખૂબ ગમે છે. આ ઉપરાંત તેમને પંચામૃત, લસ્સી અને ઠંડાઈ પણ ચઢાવવામાં આવે છે. આ ભગવાન શિવનું પ્રિય ભોજન છે.

ભોલેનાથનો સૌથી પ્રિય ખોરાક કયો છે?

ભોલેનાથને ભાંગ, ધતૂરા, બીલીપત્ર અને બરફી અને ખીર જેવી સફેદ મીઠાઈઓ ખૂબ ગમે છે. આ ઉપરાંત તેમને પંચામૃત, લસ્સી અને ઠંડાઈ પણ ચઢાવવામાં આવે છે. આ ભગવાન શિવનું પ્રિય ભોજન છે.

ભગવાન શિવની પ્રિય વસ્તુ શું છે?

ભગવાન શિવને ઘણી વસ્તુઓ ગમે છે, જેમાં બિલ્વના પાન, ભાંગ, ધતૂરા, દૂધ અને રાખ (વિભૂતિ) મુખ્ય છે. આ ઉપરાંત, ગંગાજળ, ચંદન, સફેદ ફૂલો અને શમીના પાન પણ ભગવાન શિવને ચઢાવવામાં આવે છે.

ભગવાન શિવનું પ્રિય ફૂલ કયું છે?

ભગવાન શિવને ઓલિએન્ડર, ધતૂરા, આક (મદાર), શમી અને બીલીપત્ર જેવા ફૂલો ખૂબ ગમે છે. આ દરેક ફૂલોનું પોતાનું મહત્ત્વ છે અને તે ભગવાન શિવની પૂજામાં ચઢાવવામાં આવે છે.

ભગવાન શિવનું પ્રિય ફળ કયું છે?

ધાર્મિક માન્યતા અનુસાર ભગવાન શિવને ખાસ કરીને ધતૂરા અને બિલ્વનાં ફળો ખૂબ ગમે છે. આ ઉપરાંત શિવની પૂજામાં આલુ, સફરજન, દાડમ અને કેળા પણ ચઢાવવામાં આવે છે.

ભગવાન શિવનો પ્રિય મંત્ર કયો છે?

ભગવાન શિવનો પ્રિય મંત્ર ૐ નમઃ શિવાય' છે. આ મંત્ર ભોલેનાથને સમર્પિત એક શક્તિશાળી મંત્ર છે અને તેને પંચાક્ષર મંત્ર પણ કહેવામાં આવે છે, જેનો અર્થપાંચ અક્ષરનો મંત્ર' થાય છે.

# નેતિ એટલે ન ઇતિ, અર્થાત આ નહીં-હેમુ ભીખુ

સનાતની સંસ્કૃતિમાં વૈદિક અને ઉપનિષદ આધારિત વિચારધારાનું આ અતિ મહત્ત્વનું વિધાન છે. બ્રહ્મની સમજ માટે આ પણ નહીં, તે પણ નહીં તે પ્રકારની પરિભાષાનો ઉપયોગ અહીં થયો છે. અંતિમ સત્યને સમજવા માટે આ એક અનોખી રીત સ્થાપિત કરવામાં આવી છે. નેતિ એટલે ન ઈતિ, અર્થાત આ નહીં — આ પણ નહીં અને તે પણ નહીં.

આ પ્રકારના વિધાનથી એમ સ્થાપિત થાય છે કે બ્રહ્મ અર્થાત્ અંતિમ સત્ય અર્થાત્ પરમ અસ્તિત્વ કોઈપણ પ્રકારના અનુભવથી બાધિત નથી. તે દરેક પ્રકારના સ્વરૂપ અને ગુણધર્મથી પર છે. તે ગુણધર્મથી પર હોવાથી તે દરેક પ્રકારની ઈન્દ્રિયની પહોંચથી બહાર છે. મન અને બુદ્ધિને પણ જે તે વાત સમજવા માટે કેટલાક ગુણધર્મોની જરૂર જણાય. બ્રહ્મ નિર્ગુણી હોવાથી મન અને બુદ્ધિની પહોંચમાં પણ નથી. અર્થાત અસ્તિત્વના કોઈપણ પાસાં દ્વારા તે પકડી ન શકાય તેવું અસ્તિત્વ છે. તે અનુભૂતિનો વિષય છે, જાણકારીનો નહીં. મન-બુદ્ધિ અને ઈન્દ્રિયો દ્વારા જે જાણમાં આવે તે અંતિમ સત્ય ન હોઈ શકે. બ્રહ્મ નથી કોઈ પદાર્થ કે જે ઈન્દ્રિયના સંપર્કમાં આવી શકે. બ્રહ્મ નથી કોઈ કલ્પનાનું પરિણામ કે જે મન અને બુદ્ધિની સમજમાં આવી શકે.

બૃહદારણ્યક ઉપનિષદમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્ય વિદુષી ગાર્ગીને બ્રહ્મની સમજ આપતા એમ કહે છે કે, 'બ્રહ્મ આવાં આવાં લક્ષણવાળા છે' એમ ન કહી શકાય. તેથી નિષેધમુખે -નિષેધના સિદ્ધાંતથી — સામાન્ય ભાષામાં કહીએ તો બાદબાકીની પ્રક્રિયાથી તેમણે બ્રહ્મને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. મહર્ષિ જણાવે છે કે તે બ્રહ્મ જાડું નથી અને પાતળું પણ નથી, ઝીણું નથી અને વિશાળ પણ નથી, લાંબું નથી અને ટૂંકું પણ નથી, રાતું નથી અને અન્ય કોઈ રંગ વડે આચ્છાદિત પણ નથી, ચીકણું નથી અને ચીકાશ વિનાનું પણ નથી, છાયાવાળું નથી અને છાયા વિનાનું પણ નથી, અંધારાવાળું નથી અને પ્રકાશિત પણ નથી, પવનવાળું નથી અને હવાની સ્થિરતાવાળું પણ નથી, આકાશ-પૃથ્વી-જળ-વાયુ અને અગ્નિવાળું નથી, સંગવાળું નથી અને અસંગી પણ નથી, રસવાળું નથી અને રસહીન પણ નથી, ગંધવાળું નથી અને ગંધહીન પણ નથી, તેને જ્ઞાનેન્દ્રિય નથી, તેને કર્મેન્દ્રિય નથી, મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર જેવાં સૂક્ષ્મ ભાવથી તે પર છે, તે પ્રાણ યુક્ત નથી, તે અમાપ છે, તે અંદર પણ છે અને બહાર પણ છે. તેને કોઈપણ પ્રકારના ભક્ષણની જરૂર નથી અને તે કોઈનું ભક્ષણ નથી.

આ સમગ્ર નેતિ નેતિની પ્રક્રિયાથી જે બાદબાકી થતી જાય તેનાથી સૃષ્ટિના દરેક તત્ત્વ સાથે એક પ્રકારનો છુટકારો મળતો જાય. જ્યારે દરેક બાબત માટે એમ કહેવામાં આવે કે 'આ નહીં અને તે પણ નહીં' તો વ્યક્તિ બધાથી ક્રમશઃ મુક્ત થાય તેની સંભાવના વધી જાય. આમ તો આ નકારાત્મક વિધાન છે એમ કહેવાય પણ તેનું સકારાત્મક પરિણામ અદભુત આવી શકે.

વળી, બ્રહ્મ માટે જ્યારે 'આ કે તે' એમ કહેવાય ત્યારે તેની શાશ્વતતા, તેનો વ્યાપ, તેની અસંલગ્નતા, તેનું નિરાકારપણું, તેની અનંતતા, તેની સમગ્રતા, તેની પૂર્ણતા, અને તેની વાસ્તવિકતા ખંડિત થાય. બ્રહ્મ અખંડ છે અને તેથી આ પ્રકારની સમજ ગેરસમજ સમાન ગણાય.

બ્રહ્મ નથી ઈન્દ્રિય કે નથી ઈન્દ્રિયનો વિષય. ઈન્દ્રિય અને તેના વિષયના સહયોગથી ઉદ્ભવતી સ્થિતિ પણ બ્રહ્મ નથી. બ્રહ્મ અકર્તા છે, સ્વતંત્ર છે, નિર્લેપ છે, સત્ય છે, નિત્ય છે, માત્ર તે છે. તેનો સ્વભાવ જ આધ્યાત્મિકતા ગણાય છે. સત્યને જાણી શકાય પકડી ન શકાય, એવું જ બ્રહ્મ માટે કહી શકાય. સત્યને કોઈ

આકાર, રંગ, સ્વાદ કે સુગંધ નથી હોતી તેવું બ્રહ્મ માટે પણ કહી શકાય. સત્ય સૃષ્ટિના વ્યાપમાં સદાય પ્રવર્તમાન રહે, તેવું પણ બ્રહ્મ માટે કહી શકાય. સત્ય અને બ્રહ્મ સમકક્ષ છે પણ એક જ નથી. જ્યારે બ્રહ્મને સત્ય કહેવામાં આવે ત્યારે અસત્યનો આખો વિસ્તાર બહાર રહી જાય. તેથી બ્રહ્મ સત્ય પણ નથી અને અસત્ય પણ નથી. ગીતામાં પણ આ વાત બે વાર કહેવામાં આવી છે.

આ બ્રહ્મનું કાર્ય સ્વાભાવિક છે. આમ તો બ્રહ્મ કંઈ કરતું નથી છતાં પણ તેના અસ્તિત્વથી સૃષ્ટિના પ્રત્યેક કાર્ય સંભવ બને છે. જેમ સૂર્ય સૂર્યમંડળને પ્રકાશિત કરે છે, જેમ આત્મા જે તે શરીરને પ્રકાશિત કરે છે, એમ બ્રહ્મ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. બ્રહ્મ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે તેમ પણ નથી. બ્રહ્મના અસ્તિત્વ માત્રથી બ્રહ્માંડ પ્રકાશિત રહે છે. બીજી રીતે એમ કહેવાય કે બ્રહ્મના અસ્તિત્વને કારણે, બ્રહ્મની હાજરીને કારણે, બ્રહ્મની અધ્યક્ષતામાં પ્રકૃતિ અથવા સર્જન અથવા સ્થાપિત લાગતું બ્રહ્માંડ પ્રતીત થાય છે. બ્રહ્મને ઊર્જા તરીકે પણ સમજી શકાય.

કોઈ પૂછી શકે કે બ્રહ્મને સમજવાની શી જરૂર છે. જ્ઞાનમાર્ગ માટે વાસ્તવિકતાની જાણ હોવી જોઈએ. જ્ઞાનમાર્ગમાં બ્રહ્મ માટેની યોગ્ય સમજ બહુ મહત્ત્વની ગણાય છે. ભક્તિમાર્ગ માટે પણ ઈશ્વર પ્રત્યેના સંપૂર્ણ સમર્પણ અને સંપૂર્ણ આદરભાવ માટે બ્રહ્મની યથાર્થ સમજ જરૂરી છે. કર્મ માર્ગમાં કદાચ આ પ્રકારનું જ્ઞાન એટલું જરૂરી નથી. અહીં એમ કહી શકાય કે નિષ્કામ કર્મ માટે સૃષ્ટિની વાસ્તવિક સ્થિતિનું જ્ઞાન ચોક્કસ મદદરૂપ થઈ શકે.

# ફક્ત અન્ન જ આહાર નથી, ઇન્દ્રિયો જે વિષયો ભોગવે છે તે પણ આહાર છે

શ્રુતિ છાંદોગ્ય કહે છે. એકાદશીનો મહિમા તો છે જ. અને તમે કરી શકો તો જરૂર કરો. હું કરું છું તેથી કહું છું. ક્યારેક ભૂલી પણ જાઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. સવારે ક્યારેક અન્નનો નાસ્તો કરી લઉં છું તો કહી દઉં છું કે ભૂલી ગયો. એકાદશીથી શુદ્ધિ થશે. બહુ ભૂખ્યો માણસ પાપ કરે છે. બહુ ભૂખ્યો ભૂલ કરવા લાગે છે,આક્રોશમાં આવી જાય છે. અક્કડ થઈ જાય છે, ઉગ્ર થઇ જાય છે. સમજીને વ્રતના રૂપમાં ભૂખ્યો રહે તે વિનમ્ર થઇ જાય છે.

એ દ્રષ્ટિથી લો તો જે બહુ ભૂખ્યા રહે છે,તે ઉગ્ર થઈ જાય છે પણ સમજદારી સહે વ્રતના રૂપમાં,તો કેમે કરીને પણ કરો તો વિનમ્રતા આવે છે. ભૂખ્યાપણું માણસને વિનમ્ર બનાવે છે. ઉપનિષદોએ કહ્યું કે આહારની વાત જે આવી છે,છાંદોગ્ય શ્રુતિમાં ત્યાં શંકરાચાર્ય મહારાજનું પણ ભાષ્ય છે, રામાનુજ ભગવાનનું પણ ભાષ્ય છે. બંને હું વાંચી ગયો છું.

અમારે અહીં જે જે આચાર્યો થઈ ગયા, તેઓએ ત્રણ પર ભાષ્ય લખવું પડતું હતું ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર. આ ત્રણે પર ભાષ્ય ન લખે, ત્યાં સુધી એને આચાર્યની પદવી નહોતી મળતી. આદિ શંકરાચાર્યે, રામાનુજ ભગવાને, નિમ્બર્કાચાર્યે, શ્રીમદ્ મહાપ્રભુજી વલ્લભે, જેણે બારીમાંથી હરિને જોયા,એ પ્રમાણે દર્શન લખ્યું. પોતાના ઢંગથી લખ્યાં.

મારા સ્મરણમાં જે આવી રહ્યું છે તે કહું. શંકરાચાર્ય મહારાજે જે કારિકા લખી છે, છાંદોગ્ય પર, તેમાં આહારનો અર્થ અન્ન જ ફક્ત નથી કર્યો. ભોજન કરો છો, તે જ માત્ર આહાર નથી, ભગવાન શંકરાચાર્ય

કહે છે. ઈન્દ્રિયોના બધા વિષયો એનો આહાર છે. નેત્ર કંઈ પણ જુએ છે, જાણે નેત્ર એને ખાઈ રહ્યા છે. તમારા કાનમાં કોઈપણ શબ્દ જઈ રહ્યા છે,તે કાનથી તમે શબ્દો ખાઈ રહ્યાં છો. શબ્દ તમારા કાનનો આહાર છે. તમે બોલી રહ્યા છો,એ વાણીનો ભોગ છે. જે ચીજ ખાતાં જાઓ,એ ઓછી થતી જાય છે. તમે કોઈને સ્પર્શ કરો છો, એ આહાર તમારો ભોગ છે. તમે ગંધ લ્યો છો તે તમારો આહાર છે. એને શંકરાચાર્ય આહાર કહે છે. એ ઈન્દ્રિયોના જે વિષયો,તમારી ભક્ષણવૃત્તિ છે, એમાં શુદ્ધિ રાખો, કે શું જોવું, શું ન જોવું. એકાદશીના દિવસે શું ખાવું, શું ન ખાવું? એ આંખોનો આહાર થઈ ગયો. શું સાંભળવું, શું ન સાંભળવું એ વિવેકથી નિર્ણય કરો, એ તમારો શુદ્ધ આહાર થઈ ગયો.

એકાદશી કરો, સાંભળો જ નહીં, જુઓ જ નહીં, નિર્વિકલ્પ થઈ જાઓ, નિરાહારી થઈ જાઓ,એ શુદ્ધ આહાર થઈ ગયો. પણ માનો કે આ નહીં થયું, તો કમસેકમ એ બધું જોવાની દિશા બદલો, તમારી સ્મૃતિ ધ્રુવા બની જાય. અચલ બની જશે. અર્જુનને જે સ્મૃતિ ખોવાઈ ગઈ હતી, ભૂલાઈ ગઈ હતી,એ આવી ગઈ. તમને આવું નહીં થાય. તમારી એ નિત્ય સ્મૃતિ બની જશે, હું કોણ છું, હું બ્રહ્મ છું, આદિ સ્મૃતિ બની રહેશે.

હાથનો આહાર સ્પર્શ છે, પણ કોને સ્પર્શ કરવો, કોને નહીં કરવો,એનો વિવેક રાખો. અપવિત્ર વસ્તુને અમે નહીં અડકીએ, ભગવાન શંકરાચાર્યે આહારને આ દ્રષ્ટિમાં રાખ્યો. ચાલો રામાનુજ પાસે-દક્ષિણ આચાર્યોનો મૂલક છે,દક્ષિણે બહુ આચાર્યો આપ્યા. મેં શંકરાચાર્યની ભૂમિમાં તો કથા કરી. શ્રીમદ્ મહાપ્રભુજીનો જન્મ જ્યાં થયો,આમ તો એ છે સાઉથના,પણ જન્મ ચંપારણ્યમાં થયો હતો,ત્યાં પણ કથા થઈ છે. નિમ્બાર્ક મહારાજની જન્મસ્થળીમાં નહીં સંભળાવી છે. રામાનુજ અહીંથી બહુ નજીક છે. રામાનુજાચાર્યની જન્મભૂમિ દૂર તો નથી-દક્ષિણના ગામના નામ યાદ રહેતા નથી. — એ જે જ્યાં ભૂમિ છે, જ્યાં હો, ત્યાં કથા કરવાની છે, ભગવાન રામાનુજની જન્મભૂમિમાં.

અહીંથી ભાષા આવડતી નથી — બે જણાં બોલતા હોય ત્યારે આપણને બહુ આનંદ આવે. કહેવાનો મારો મતલબ, મેરે ભાઈ-બહેન, રામાનુજ ભગવાનનું દર્શન છે કે છાંદોગ્ય ઉપનિષદમાં આહારને આહાર કહ્યો છે પણ શરત છે.

આહાર એટલે તમે જે ખાઈ રહ્યા છો, પછી રામાનુજે, જેટલો શંકરાચાર્યે વિસ્તાર કર્યો એટલો નથી કર્યો પણ એમણે ત્રણ વાત સરસ દર્શાવી, એમણે કહ્યું કે આહાર કરવો એટલે ખાઓ, તમે જે કહી રહ્યા છો, એની જાતિ શુદ્ધ હોવી જોઈએ. તમારી ધ્રુવાસ્મૃતિ ત્યારે બનશે અને એ જ ધ્રુવાસ્મૃતિ તમને બંધનથી મુક્ત કરશે, ચિંતાથી મુક્ત કરશે, શાંતિથી સ્થિતોસ્મિ કરી દેશે. એ ત્યારે થશે, જ્યારે તમારી ભોજનની જાતિ શુદ્ધ હશે. માંસ, ભક્ષ્યા ભક્ષ્ય આહાર ન હો અને શો જેની મના કરી છે, એ ન ખાઓ, ન ખાઓ. ઠાકોરજીને જેનો ભોગ લગાવી શકો,એવી વસ્તુ ખાઓ.

બીજી વાત એનો આશ્રય શુદ્ધ હો, એ ચીજ જ્યાં રાખી હોય, એ શુદ્ધ હો. એવા પાત્રમાં ન રાખી હોય,એવી જગ્યાએ ન રાખી હો. વસ્તુ શુદ્ધ છે, પણ આશ્રય શુદ્ધ નથી, તો ભગવાન માટે એ ભોગ્ય નહીં બની શકે. બ્રહ્મજ્ઞાની ખાય છે થોડું, ખાય છે તો અમારી જેમ, પણ બ્રહ્મજ્ઞાની મોઢામાં આહુતિ નાખે છે, ભીતર બ્રહ્મ બેઠો છે, એને આહુતિ આપે છે. બ્રહ્મજ્ઞાની ખાશે નહીં તો મરશે. ખાવું એને પણ પડશે, પણ આહુતિની જેમ ખાય છે.

દરેક કોળિયે એ હરિને યાદ કરે છે. ભોજનની જાતિ શુદ્ધ હો, એનો આશ્રય શુદ્ધ હો. ફ્રીજમાં તમે ભગવાનને અર્પણ કરવાની વસ્તુ રાખી હોય, ત્યાં બાજુમાં ઈંડા ન હો. આશ્રય અશુદ્ધ થઈ જશે.

ધ્રુવસ્મૃતિ માટે આ બધું નિભાવવાનું મુશ્કેલ છે. કદી ક્યાંય ચૂકી જવાય, યા વ્રત તૂટી જાય, તો ચિંતા નહીં કરતા. એ સમયે વધુ હરિનામ જપી લેજો. હું તો કહું છું, પહેલાં કહ્યું છે, આપ જાણો છો. સવારે જાગતાં પહેલાં, જાગતાં જ એક વાર હનુમાનચાલીસા કરી લ્યો તો રોજ એકાદશી, મારો અગ્યારમો રુદ્ર છે. તમારી ઈન્દ્રિયો ઠીક જગા પર ચાલે, તો એ એકાદશી છે. તમે વાણીને રોકીને, મૌન રહીને તમે હરિસ્મરણમાં જ રહો, એ એકાદશી છે.




# આ મંદી અને મોઘવારીના બેવડા મારથી પ્રજાનો ક્યારે છુટકારો થશે?

હાલ મોઘવારી બેફામ વધી છે. શાકભાજી પણ મોંઘા થયા છે. મધ્યમવર્ગના આશરે ૯૦ કરોડ લોકો મોઘવારીથી પરેશાન છે. કરકસર કરીને ચાર પાંચ વ્યક્તિઓનો પરિવાર હોય તો ૨૦ થી ૨૫ હજાર દર મહિને જોઈએ આવક સતત ઘટી રહી છે અને ખર્ચ વધતો જાય છે.

૯૦ ટકા લોકો માને છે દેશનો આર્થિક માહોલ ખરાબ છે ઘર ચલાવવામા તકલીફ પડે છે . મોઘવારી અને મંદી એમ બેવડો માર પ્રજાથી હવે સહન થતો નથી. રોજ બે ટાઇમ રસોઈ કેમ કરવી એ સમજ પડતી નથી ધોધમાર વરસાદને લીધે શાકભાજીની આવક ઘટી રહી છે ભાવ વધતા જ જાય છે શું ખાવું એ સમજ પડતી નથી .

માસિક આવક ત્યાંની ત્યાં જ છે પણ માસિક ખર્ચ વધતો જ જાય છે. પ્રજા માટે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. શાકભાજી જીવન જરૂરી ચીજ વસ્તુઓ કરીયાના સામાનના ભાવ પર કોઈનો અંકુશ નથી બધા મનફાવે તેમ ભાવ વસુલે છે. મજબુરીમાં પ્રજાને મને કમને બધી વસ્તુઓ ખરીદવી પડે છે. ખિસ્સા ખાલી થઈ રહ્યા છે લોન લેનારા મધ્યમ વર્ગના પરિવારોની સંખ્યા વધતી જાય છે આપઘાતના બનાવો વધી રહ્યા છે એકલ દોકલ નહી સામુહિક આપઘાતના બનાવો વધી રહ્યા છે. આપણે હવે સંવેદના લાગણી જેવા શબ્દો ભુલી ગયા છે કોઇને કઈ પડી નથી.

ઘરખર્ચ મોબાઇલ બીલ લાઇટબીલ ભાડું વેરાબીલ સ્કૂલની ફી અભ્યાસ ખર્ચ બાળકોને લાવવા લઈ જવાની રીક્ષાનું ભાડું કેબલ તો.વી. ખર્ચ ઘરનો મેન્ટન્સ ચાર્જ દર મહિને ક્યાંથી કાઢવો એ સમસ્યા થઈ ગઈ છે આવક થતી નથી અને જાવક અને જાવક છે. કોણ જાણે આ મંદી અને મોઘવારીના બેવડા મારથી ક્યારે આપણો છુટકારો થશે?

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**

તંત્રી લેખ...-

સોમવાર, તા.૨૧ જુલાઈ ૨૦૨૫

# આ મક્કમતા આવશ્યક હતી

ચોમાસાંમાં ગુજરાતના રસ્તાઓ, પુલની અવદશાના સતત અહેવાલોની અસર આખરે સરકાર સુધી પહોંચી છે. પ્રતિવર્ષ આ સ્થિતિ હોય છે. આ વર્ષે ગંભીરા પુલ અકસ્માતને લીધે વધારે ચર્ચા થઈ. શહેરની અંદર તૂટેલા રસ્તા નવી નવાઈની વાત નથી, પરંતુ હાઈ-વેનાં વર્ષોથી ચાલતાં કામ, ત્યાં થતાં ટ્રાફિકજામ અને લોકોને પડતી હાલાકીનો માધ્યમો, સોશિયલ મીડિયા ઉપર આ વર્ષે અત્યંત પ્રસાર થયો. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર સુધી તમામ વાત સ્પષ્ટ રીતે પહોંચી. છેલ્લા એક સપ્તાહ કરતાં વધારે સમયથી મુખ્યમંત્રી પોતે સમગ્ર સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. પ્રશાસનને હવે તેઓ સણસણતા સવાલ પૂછે છે. આશા છે, સ્થિતિ સુધરશે. 'મૃદુ અને મક્કમ' જેવા વિશેષણ જેમને અપાયાં છે, તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રસ્તા-પુલ સંદર્ભે મક્કમતા દાખવવાનું શરૂ કર્યું છે. જે સ્થિતિ ચોમાસાંમાં આ વર્ષે થઈ તે જોતાં આ વલણ અત્યંત આવશ્યક હતું. ગુજરાતના મોટા શહેરોમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા દર વર્ષે થાય છે. નાના નગરો, ગ્રામ્યવિસ્તારમાં ગંદકીનો-બીમારીની સમસ્યા કાયમી છે. રસ્તા તૂટવાનું પણ કાયમનું છે, પરંતુ આ વર્ષે ઋતુની શરૂઆત જ લોકો માટે આકરી થઈ હતી. સુરતમાં પાણી એટલું ભરાયું કે, દુકાનોમાં ઘૂસ્યું. વેપારીઓને નુકસાન થયું, પછી જ્યાં-જ્યાં વરસાદ પડયો ત્યાં રસ્તા તૂટયા, પાણી ભરાયાં, નવા બનેલા રસ્તા પણ તૂટયા. થોડા દિવસો પૂર્વે વડોદારા પાસે ગંભીરા પુલ તૂટયો. સર્વત્ર તેની ચર્ચા થઈ. રાજકોટથી અમદાવાદ વચ્ચે અને બીજી તરફ જૂનાગઢ-જેતપુર વચ્ચે હાઈવેનું કામ ચાલુ છે, તેમાં થતો વિલંબ પણ ફરી ચર્ચામાં આવ્યો. આ સ્થિતિ પારખીને, સોશિયલ મીડિયા ઉપર પ્રજાનો રોષ જોઈને આખરે રાજ્ય સરકારે તાત્કાલિક પગલાં શરૂ કર્યાં. કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ આ મુદ્દે ગંભીર વલણ દાખવ્યું. મુખ્યમંત્રીએ જવાબદારોને સીધો સવાલ કર્યો કે, આટલા બધા પુલ ઉપર એકસાથે પરિવહન બંધ કરવું પડયું તેનું કારણ શું? સરકારે નાના-મોટા ૧૮૦૦ પુલની ચકાસણી કરી, રાજ્યમાં ૨૦ પુલ સંપૂર્ણ અને ૧૧૩ પુલ ભારે વાહનો માટે પ્રતિબંધિત જાહેર કરાયા. ગુજ માર્ગ એપ નામે સુવિધા શરૂ કરીને લોકોને ફરિયાદ સરળ બનાવી. રાજ્યમાં કોન્ટ્રાક્ટર્સને નોટિસો ફટકારવાની કાર્યવાહી આરંભાઈ. શહેરની અંદર પણ ભૂવા પડવા, રસ્તા તૂટવા, અકસ્માત થવા એ બધું જ રોજિંદું બન્યું. ગત સપ્તાહે જ મુખ્યમંત્રી તરફથી આદેશ થયો કે રસ્તા, 'પુલો સંદર્ભે જવાબદારી નક્કી કરો.' લોકો સતત ચર્ચી રહ્યા છે કે, આ બધું બહુ અગાઉ થઈ જવું જોઈતું હતું. જો કે, એવી વાતનો કોઈ અર્થ નથી. રસ્તા તૂટયા, પુલ જર્જરિત છે તે અંગે આ ગંભીરતા દાખવવામાં આવી રહી છે તે જરૂરી છે. સ્થિતિ જે રીતે વણસે છે તે જોતાં આ જરૂરી હતું. હવે એક તો સૌનું ઉત્તરદાયિત્વ નક્કી થાય, કોન્ટ્રાક્ટર્સ અને અધિકારીઓ વચ્ચેની સાંઠગાંઠ તૂટે-છૂટે. જો કોઈ રાજકીય વ્યક્તિઓ પણ તેમાં સંડોવાયેલી હોય તો તેમને પણ બક્ષવામાં ન આવે તે જરૂરી છે. જે આ વર્ષે થયું તે વર્ષોવર્ષ ન થાય, રસ્તા બનાવવાની ટેકનિક સુધારવા-નવી લાવવા સંદર્ભે પણ વિચાર અને અમલ થાય તે જરૂરી છે.

**રાજકોટથી અમદાવાદ વચ્ચે અને બીજી તરફ જૂનાગઢ-જેતપુર વચ્ચે હાઈવેનું કામ ચાલુ છે, તેમાં થતો વિલંબ પણ ફરી ચર્ચામાં આવ્યો.**

# આતંકની સામેના રાજદ્વારી મોરચે પાકિસ્તાનને ફટકો

પહેલગામના ઘૃણાસ્પદ આતંકી હુમલા બાદ ભારતે વિશ્વભરમાં આતંક અને તેની પાછળના પાકિસ્તાનના હાથની સામે છેડેલા રાજદ્વારી જંગમાં મોટી સફળતા મળી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલગામ હુમલા માટે જવાબદાર ધ રેઝિસ્ટંસ ફ્રન્ટ (ટીઆરએફ)ને વિદેશી આતંકી સંગઠન અને ખાસ જાહેર વૈશ્વિક આતંકી સંગઠન જાહેર કરીને ભારતમાં આતંકી હુમલામાં પાકિસ્તાન સ્થિત સંગઠનોનો હાથ હોવાની વાતનો સીધો સ્વીકાર કર્યો છે. અમેરિકાનાં પગલાંથી પાકિસ્તાનને મોટો ફટકો લાગ્યો છે. આ ઓછું હોય તેમ ચીને પણ અમેરિકાની આ જાહેરાતની પ્રસંશા કરીને તેમાં સૂર પૂરાવતાં ઈસ્લામાબાદ માટે ક્ષોભની સ્થિતિ બેવડાઈ છે. ઉલ્લેખનીય છે કે, પહેલગામ હુમલાની જવાબદારી આરંભમાં ટીઆરએફે લીધી હતી, પણ તે પછી તરત જ પાકિસ્તાની લશ્કરના આકાઓનાં દબાણ તળે તેણે ફેરવી તોળ્યું હતું. પાકિસ્તાનના કુખ્યાત આતંકી સંગઠન લશ્કરે તોયબાના મોહરા સમાન ટીઆરએફ સામે કાર્યવાહી કરીને અમેરિકાએ પહેલગામના હુમલામાં આ પાકિસ્તાની સંગઠનનો હાથ હોવાનું દુનિયાને બતાવી આપ્યું છે. અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોના જણાવ્યા મુજબ આ કાર્યવાહી પહેલગામ હુમલાના સંદર્ભમાં ન્યાય તોળવાના રાષ્ટ્રપતિ ટ્રમ્પનાં વલણ પ્રતિ અમેરિકા સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બીજી મુદત માટે રાષ્ટ્રપતિપદે ચૂંટાયેલા ટ્રમ્પ તેમની અણધારી નીતિઓથી ભારે ચકચાર જગાવતા રહ્યા છે. ખાસ તો પાકિસ્તાન તરફ તેમનો ઝોક સ્પષ્ટ રીતે જણાઈ રહ્યો છે. પહેલગામ હુમલા અગાઉ પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ આસીમ મુનીરે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ભારે ઉશ્કેરણીજનક ભાષણ કર્યું હોવાથી તેમનો આડકતરો હાથ આ હુમલમાં હોવાના આરોપ પણ લાગી રહ્યા છે, પણ અમેરિકાએ આ વાતને અવગણી છે. ખાસ તો મુનીરને ટ્રમ્પે જે રીતે વ્હાઈટ હાઉસમાં બોલાવીને માનપાન આપ્યા તેનાથી તેમનો પાકિસ્તાનપ્રેમ છતો થયો હતો. જો કે, ટીઆરએફની સામે અમેરિકાની કાર્યવાહીને પાકિસ્તાનનો વરવો આતંકી ચહેરો વધુ એક વખત દુનિયા સમક્ષ છતો કરી દીધો છે. ભારતે આ પગલાંને આવકાર આપ્યો છે. વિદેશમંત્રી એસ. જયશંકરે આતંકના વિરોધમાં પાકિસ્તાનની પ્રતિબદ્ધતાની પ્રસંશા કરી છે. પાકિસ્તાનને આ મામલે તેના ખાસ મિત્ર ચીન તરફથી અણધાર્યો આંચકો લાગ્યો છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લીન જિયાને ટીઆરએફ પર પ્રતિબંધ બદલ અમેરિકાની પ્રસંશા કરીને સ્પષ્ટ રીતે કહ્યુંઅ છે કે, ચીન ૨૨મી એપ્રિલના હુમલા (પહેલગામ હુમલા)ની સખત રીતે ટીકા કરે છે અને આતંકના તમામ પ્રકારના સ્વરૂપનો વિરોધ કરે છે. ચીને આતંકવાદ વિરોધી કાર્યવાહીને મજબૂત કરવા પ્રદેશના દેશોના સહયોગ અને સંકલનને વધારવા પર પણ ભાર મૂક્યો છે. અમેરિકાનું આ પગલું અને તેને ચીનનો આવકાર ભારતના આતંક વિરોધી મોરચા માટે મોટી સફળતા છે એમાં કોઈ શંકા નથી, પણ વિશ્વના દેશોએ પાકિસ્તાન અને તેના આતંકી સંગઠનો સામે નક્કર કાર્યવાહી કરવામાં હવે આગળ વધવાની જરૂરત છે. આમ થશે તો આતંકના ભસ્માસૂરને ખરા અર્થમાં પરાસ્ત કરી શકાશે.

રાહુલના નિવેદનમાં કશું નવું નથી ને તેમના આક્ષેપોમાં પણ કશું નવું નથી પણ રાહુલની વાત અડધીપડધી સાચી છે.

# ભાજપ સરકારે ભ્રષ્ટાચારી રોબર્ટને ૧૧ વર્ષમાં કશું ના કર્યું

## આવી ફેરતપાસની શરૂઆત બિહારથી શા માટે થઈ ? એવો પ્રશ્ન પુછાય છે

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ હરિયાણાના ગુડગાંવ એટલે કે ગુરુગ્રામ જમીન સોદાને લગતા કેસમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડરા સામે મની લોન્ડરિંગનના આરોપો સાથે ચાર્જશીટ દાખલ કરતાં વાડરા પાછા ચર્ચામાં છે. કેન્દ્ર સરકારની કે બીજી કોઈ પણ તપાસ એજન્સીએ વાડરા સામે ક્રિમિનલ કેસમાં ચાર્જશીટ દાખલ કર્યું હોય એવું પહેલી વાર બન્યું છે. આ ચાર્જશીટમાં વાડરા સિવાય બીજા ઘણા લોકો અને કંપનીઓનાં નામ છે પણ વાડરા નહેરૂ-ગાંધી ખાનદાનના જમાઈ છે અને પાછા વગોવાયેલા છે તેથી વધારે ચર્ચા તેમના નામની થઈ રહી છે. ઈડીએ ૧૬ જુલાઈએ આ કેસમાં ૩૭.૬૪ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી હતી ને એક દિવસ પછી ચાર્જશીટ દાખલ કરી દીધી.

કૉંગ્રેસ વાડરાના બચાવમાં મેદાનમાં આવી ગઈ છે ને આગેવાની રાહુલ ગાંધીએ લીધી છે. કૉંગ્રેસે વાડરા સામેના ચાર્જશીટને કૉંગ્રેસીઓને ડરાવવાનો પ્રયાસ ગણાવ્યો છે તો રાહુલ ગાંધીએ ષડયંત્ર ગણાવ્યું છે. રાહુલે એક્સ પર લખ્યું છે કે, ભાજપ સરકાર છેલ્લા દસ વર્ષથી મારા બનેવી રોબર્ટ વાડરાને હેરાન કરવાનું ષડયંત્ર અમલમાં મૂકીને બેઠી છે અને આ ચાર્જશીટ એ જ ષડયંત્રનો ભાગ છે. રાહુલનું કહેવું છે કે, રોબર્ટ, પ્રિયંકા અને તેમનાં બાળકો રાજકીય રીતે પ્રેરિત નિંદા અને ઉત્પીડનનો સામનો કરી રહ્યાં છે તેથી મારો તેમને સંપૂર્ણ ટેકો છે અને અંતે, સત્યનો વિજય થશે.

રાહુલના નિવેદનમાં કશું નવું નથી ને તેમના આક્ષેપોમાં પણ કશું નવું નથી પણ રાહુલની વાત અડધીપડધી સાચી છે. અડધીપડધી એ રીતે કે રોબર્ટ વાડરા સામે એકસાથે પગલાં લેવાના બદલે ઈડી કેસને છેલ્લાં ૧૩ વર્ષથી રમાડી રહી છે. ૨૦૧૨માં વાડરાની કંપનીનો દસ્તાવેજ રદ કરી નાંખ્યો એ સાથે વાડરાનું પાપ છાપરે ચડીને પોકાર્યું. એ વખતે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી તેથી વાડરાનો વાળ પણ કોઈ વાંકો કરી શકે તેમ નહોતું પણ ભાજપે આ મુદ્દાને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં બરાબર ચગાવેલો. એ વખતે લાગતું હતું કે, કેન્દ્રમાં ભાજપની સરકાર આવશે એ સાથે જ રોબર્ટભાઈના બાર વાગી જશે ને જમાઈરાજ જેલની હવા ખાતા થઈ જશે.કેન્દ્રમાં ભાજપની સરકાર આવી એ વાતને ૧૧ વર્ષ પૂરાં થઈ ગયાં પણ રોબર્ટભાઈને કંઈ કેતાં કંઈ થયું નથી. જેલની હવા ખાવાના બદલે વાડરા પોતાના ફાર્મહાઉસની તાજી હવા ખાય છે. વિદેશોમાં હરેફરે છે ને એકદમ તાજામાજા થઈને રહે છે. સામાન્ય રીતે કોઈ પણ ચૂંટણી નજીક આવે એટલે ભાજપના નેતાઓને વાડરાનો ભ્રષ્ટાચાર યાદ આવી જાય છે પણ પછી કોણ વાડરા ને કેવો ભ્રષ્ટાચાર? ચૂંટણી તાકડે જ રોબર્ટ વાડરા સામેનો કેસ ખૂલે છે ને એકાદ પગલું ભરાય છે. એ પછી રાત ગઈ બાત ગઈ. બીજી ચૂંટણી આવે ત્યાં લગી વાડરા ભલે ને મોજ કર્યા કરે. અત્યારે પણ એ જ ખેલ થઈ રહ્યો છે. બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક છે એટલે પાછા વાડરાને સાણસામાં લેવાના હોય એવો દેખાવ કરાઈ રહ્યો છે પણ જેવી ચૂંટણી પતશે કે તરત વાડરાનો કેસ પાછો વખારમાં નાખી દેવાશે.

રાહુલ કહે છે એ રીતે વાડરાને કિન્નાખોરી બતાવીને હેરાન નથી કરાઈ રહ્યા પણ વાડરાએ ભ્રષ્ટાચાર કર્યાના નક્કર પુરાવા છે. વાડરાનાં કાળાં કરતૂતની શરૂઆત ૨૦૦૮માં જમીનનો સોદો થયો એ સાથે થઈ હતી. ફેબ્રુઆરી ૨૦૦૮માં રોબર્ટ વાડરાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીએ ગુરુગ્રામના શિકોપુર ગામમાં ૩.૫ એકર જમીન ખરીદી હતી. ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ખરીદાયેલી જમીનનો ૭.૫ કરોડ રૂપિયામાં સોદો થયો હતો. વાડરાની કંપનીએ દસ્તાવેજમાં જમીન ખરીદવા માટે ૭.૫ કરોડ રૂપિયાનો જે ચેક અપાયો હોવાની વિગતો આપેલી એ ચેક ક્યારેય જમા જ નહોતો કરાયો. ચેક જમા ના કરાયો તેનો મતલબ એ થયો કે, વાડરાની કંપનીને એક પણ રૂપિયો આપ્યા વિના સાવ મફતમાં ૩.૫ એકર જમીન મળી ગઈ. જે કંપની પાસેથી જમીન ખરીદી એ કંપની ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ નકલી કંપની હોવાની પણ શંકા છે કેમ કે આ કંપની પછી ગાયબ જ થઈ ગઈ.જમીનનો સોદો થયો ત્યારે હરિયાણામાં કૉંગ્રેસની સરકાર હતી અને ભૂપેન્દ્રસિંહ હુડ્ડા મુખ્યમંત્રી હતા એટલે વાડરાની કંપની માટે મોસાળમાં જમણવાર ને મા પિરસે જેવો ઘાટ હતો. નહેરૂ-ગાંધી ખાનદાનના ચમચા હુડ્ડાની સરકારે જમીન ખરીદ્યાના લગભગ એક મહિના પછી વાડરાની કંપની સ્કાયલાઈટ હોસ્પિટાલિટીને ૨.૭ એકર જમીન પર રેસિડેન્શિયલ પ્રોજેક્ટ વિકસાવવાની મંજૂરી આપી દીધી.

આપણે ત્યાં સરકારમાં ફાઈલ આગળ વધતાં મહિનાઓ નિકળી જાય છે ત્યારે વાડરાની કંપની પર હુડ્ડા સરકાર કેમ મહેરબાન થઈ એ ઓપન સીક્રેટ છે. રેસિડેન્શિયલ પ્રોજેક્ટને મંજૂરી મળતાં જમીનની કિંમત રોકેટની ગતિએ વધી ગઈ ને લગભગ ૨ મહિના પછી જૂન ૨૦૦૮માં સ્કાયલાઈટે આ જમીન ડીએલએફને ૫૮ કરોડ રૂપિયામાં વેચી દીધી. વાડરાની કંપનીએ ઓન પેપર ૪ મહિનામાં ૭૦૦ ટકાથી વધુ ભાવે જમીન વેચી હતી. વાસ્તવમાં વાડરા માટે વકરો એટલો નફો હતો કેમ કે વાડરાની કંપનીએ એક પણ પાઈ ચૂકવી નહોતી.

વાડરાના પાસે રૂપિયા આવી ગયા પછી હુડ્ડા સરકારે રાબેતા મુજબ સરકારી ધારાધોરણ પ્રમાણે કામ કરવા માંડ્યું અને ૨૦૧૨માં કોલોની બનાવવાનું લાઈસન્સ ડીએલએફને ટ્રાન્સફર કર્યું. એ વખતે હરિયાણા સરકારના લેન્ડ રજિસ્ટ્રેશન ડિરેક્ટર અશોક ખેમકાએ સોદામાં ઘાલમેલ કરાઈ હોવાનો મુદ્દો ઊભો કરીને જમીનની માલિકીની ટ્રાન્સફર રદ કરી દીધી. ખેમકાએ દાવો કર્યો હતો કે સ્કાયલાઈટને લાઈસન્સ આપવાની પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ભડકેલા હુડ્ડાએ ખેમકાની બદલી કરી નાંખી પણ ભાજપે આ મુદ્દાને ઉઠાવી લીધો તેમાં રોબર્ટભાઈનાં પાપનો ઘડો ફૂટ્યો. ભાજપના નેતા એ વખતે વાડરા સામે આક્રમક બની ગયેલા. ઉમા ભારતીએ તો કહેલું કે, હિંદુ સમાજમાં ભ્રષ્ટ જમાઈઓને હાથી નીચે કચડી નાંખવાની પરંપરા છે તેથી વાડરાના પણ એ જ હાલ થશે. રાજસ્થાનમાં વસુંધરા રાજેએ પણ અશોક ગેહલોતના સમયમાં વાડરાને અપાયેલી જમીનના કેસની તપાસ કરીને બહુ ફૂંફાડા માર્યાં હતાં પણ વાડરાને કશું થયું નથી.

હરિયાણામાં ભાજપની સરકાર આવી પછી ૨૦૧૮માં, હરિયાણા પોલીસે રોબર્ટ વાડરા, ભૂપેન્દ્ર હુડા, ડીએલએફ અને ઓમકારેશ્વર પ્રોપર્ટીઝ સામે એફઆઈઆર દાખલ કરીને છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચાર બદસ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ વાતને પણ સાત વર્ષ થઈ ગયાં પણ રોબર્ટભાઈને કશું થતું નથી.

## પીએમ ઇ-ડ્રાઇવ યોજના ઇન્ટરસિટી ઇ-બસ સંચાલનને ઉત્તેજન આપશે

# જાહેર પરિવહન વ્યવસ્થાને સુધારવાની પહેલ

- પીએમ ઇ-ડ્રાઇવ યોજનામાં નવ મહત્ત્વપૂર્ણ શહેરી ક્ષેત્રોમાં ભીડભાડ ઘટાડી શકે છે અને વાયુ ગુણવત્તામાં સુધાર લાવી શકે છે. દિલ્હી, મુંબઈ, અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય ક્ષેત્ર દેશના સૌથી મોટા આર્થિક વિકાસના એન્જિન અને પ્રવાસ કેન્દ્ર છે.

ભારત ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા વધારવાની દિશામાં ગંભીરતાથી આગળ વધી રહ્યું છે. પીએમ ઈલેક્ટ્રીક ડ્રાઈવ રિવોલ્યુશન ઈન ઈનોવેટિવ વ્હીકલ એન્હેન્સમેન્ટ (પીએમ-ઈ ડ્રાઈવ) અને પીએમ ઈ-બસ પેમેન્ટ સિક્યોરિટી મિકેનિઝમ (પીએસએમ) યોજનાઓથી સ્પષ્ટ છે કે દુનિયાભરમાં ઈવીમાં ખાનગી કારોને મળી રહેલ પ્રમુખતાથી વિપરીત ભારત સરકારે પોતાની નીતિઓમાં બસોને પ્રાથમિકતા આપે છે, કારણ કે પ્રતિદિન ૧૫ કરોડથી વધુ યાત્રી જાહેર પરિવહન પર નિર્ભર છે. આ યોજનાઓથી આગામી પાંચ વર્ષોમાં ૭૫૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૫૨ હજાર ઈલેક્ટ્રીક બસો ચલાવવાનું લ-ય છે. સફળ થશે તો ભારતના ઈ-બસ કાફલાને પાંચ લાખ ઈ-બસવાળા ચીન બાદ બીજા સ્થાને પહોંચાડી દશે. યુરોપીય સંઘમાં ઈ-બસોની સંખ્યા ૨૦ હજાર છે, જ્યારે અમેરિકામાં માત્ર સાડા છ હજાર ઈ-બસો છે. ભારતમાં ખાનગી ઈલેક્ટ્રીક વાહન આધારિત આવાગમનની સ્થિતિની તુલનામાં એક ઉચ્ચ સાર્વજનિક પરિવહન અને ઈવી પરિદૃશ્યનું હોવું સડક પર વાહનોની સંખ્યા ૫૦ ટકા અને સૂ-મ કણો (પીએમ ૨.૫)નું ઉત્સર્જન ૬૦ ટકા ઘટાડી શકે છે.

ઈ-બસો ઘરેલુ વેલ્યૂ એડિશનને ઉત્તેજન આપશે અને ભારતમાં મોટાં ઈલેક્ટ્રીક વાહનોના નિર્માણ અને વ્યવસાયની ઈકો-સિસ્ટમને મજબૂત કરશે. સતત સરકારી રોકાણની સાથે ભારતનું ઈ-બસ બજાર ઘણી મૂડી આકર્ષિત કરી રહ્યું છે, જેનો મોટાભાગનો હિસ્સો શહેરી પરિવહનમાં જાય છે. હાલમાં દેશમાં બનેલી એક ઈ-બસના ઉત્પાદન મૂલ્યના લગભગ ૫૦ ટકા હિસ્સો સ્વદેશીકરણથી આવે છે. પરંતુ આ આંકડો વધવાની આશાછે, જે નિકાસને વધારશે અને ઈ-બસોની કિંમત ઘટાડશે.

પીએસએમ યોજના જાહેર પરિવહનને વિસ્તાર આપવા માટે ખાનગી રોકાણને આકર્ષિત કરશે. હાલમાં ઉપલબ્ધ લગભગ સાડા ત્રણ લાખ બસોની તુલનામાં ભારતને ૩૦ લાખ બસોની જરૂર છે. જાહેર પરિવહન પ્રાધિકરણોથી બસ ઓપરેટર્સને ચૂકવણીમાં વિલંબની સમસ્યા છે, જેનાથી છેલ્લા કેટલાક સમયથી બસ ટેન્ડરોમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી સુસ્ત પડી છે. એવામાં આ યોજના એક સમર્પિત ફંડના માધ્યમથી આ જોખમને સંતુલિત કરીને ખાનગી રોકાણને પ્રોત્સાહિત કરે છે, જે શહેરી અને ગ્રામીણ યાત્રીઓની જરૂરિયાતોને પૂરી કરવા માટે બસોની સંખ્યામાં ઝડપી વૃદ્ધિને સક્ષમ બનાવે છે.

પીએમ ઇ-ડ્રાઇવ યોજના ઈન્ટરસિટી ઈ-બસ સંચાલનને ઉત્તેજન આપશે. અત્યાર સુધી મોટાભાગની ઈ-બસો માત્ર શહેરી વિસ્તારોમાં ચાલી રહી છે. પરંતુ હાલનો ઘરેલુ ઉપભોગ ખર્ચ સર્વેક્ષણ અનુસાર, છેલ્લા દસ વર્ષોમાં ગ્રામીણ ઘરોમાં યાત્રા ખર્ચના સરેરાશ હિસ્સો બેગણો થઈ ગયો છે. ૧૨૦ કિલોમીટરથી ઓછા અંતરમાં ઈ-બસોનું સંચાલન ડીઝલ બસોની તુલનામાં સસ્તું પડે છે, જે ઈ-બસોને ગ્રામીણ અને અર્ધશહેરી ક્ષેત્રોને જોડવા માટે એક આદર્શ વાહન બનાવે છે. આ યોજના રાજ્ય પરિવહન નિગમોને આ ક્ષેત્રીય માર્ગો પર ઈ-બસ સેવા સંચાલિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે, જેની વર્તમાન સાર્વજનિક બસ પરિવહન બજારમાં હિસ્સેદારી લગભગ ૮૮ ટકા છે.

પીએમ ઈ-ડ્રાઈવ યોજનામાં નવ મહત્ત્વપૂર્ણ શહેરી ક્ષેત્રોમાં ભીડભાડ ઘટાડી શકે છે અને વાયુ ગુણવત્તામાં સુધાર લાવી શકે છે. દિલ્હી, મુંબઈ, અમદાવાદ અને બેંગલુરુ જેવા મુખ્ય ક્ષેત્ર દેશના સૌથી મોટા આર્થિક વિકાસના એન્જિન અને પ્રવાસ કેન્દ્ર છે. દેશના સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં ૩૦ ટકાનું યોગદાન કરનારા આ શહેરો ગંભીર ભીડભાડ, વાયુ પ્રદૂષણ અને સડક સુરક્ષાના પડકારોનો સામનો કરે છે. એવામાં ઈ-બસો આ પડકારોને દૂર કરવાની સાથે સાથે શ્રમિકો, છાત્રો અને પ્રવાસીઓને કિફાયતી પરિવહનનો વિકલ્પ ઉપલબ્ધ કરાવશે.આ યોજનાઓના પ્રભાવને વધારવા માટે રાજ્ય અને સ્થાનિક સરકારોએ આગળ વધીને કામ કરવું જોઇએ. રાજ્યોએ પોતાની ઈવી નીતિઓમાં ઇ-બસને પ્રાથમિકતા આપવી જોઇએ. કેટલાય મધ્યમ આકારના શહેરોને સ્ટાન્ડર્ડ ઇ-બસો ખરીદવા માટે સંઘર્ષ કરવો પડે છે અને તે હંમેશાં સાંકડી સડકો માટે બહુ મોટી હોય છે. તે ઉપરાંત, અહીં પેસેન્જરોની વિવિધ માંગને કારણે સ્ટાન્ડર્ડ બસોમાં સવારીઓનો દર પણ ઓછો રહે છે અને તેનો પૂર્ણ રૂપે ઉપયોગ પણ નથી થઈ શકતો. તેથી નાની કિફાયતી ઇ-બસ મોડલના વિકાસ માટે ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (ઓઇએમ) સાથે ભાગીદારી જરૂરી છે. રાજ્ય પરિવહન નિગમોને ખાનગી બસ સંચાલન બજારમાં ઇ-બસોનો ઉપયોગ વધારવા માટે સંયુક્ત ડેપો, ચાર્જિંગ સ્ટેશન અને મેન્ટેનન્સની સુવિધા આપવી જોઇએ.નવી ઇ-બસ યોજનાઓમાં ખાનગી મૂડી માટે દરવાજા ખોલવા, ઘરેલુ નિર્માણને ઉત્તેજન આપવા અને ઈન્ટરસિટી બસો માટે બજાર તૈયાર કરવા અને શહેરી ક્ષેત્રોમાં જીવન ગુણવત્તા સુધારવા જેવા કેટલાય લાભ છે. બધા માટે કિફાયતી જાહેર પરિવહન સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારોએ પોતાના પ્રયાસોને આ રાષ્ટ્રીય યોજનાઓને અનુરૂપ બનાવવી જોઇએ. ઇ-બસો માત્ર પરિવહનનું એક સાધન માત્ર નથી, બલ્કે ભારતની ભીડભાડ, પ્રદૂષણ અને સુરક્ષા પડકારોનું પણ સમાધાન રજૂ કરે છે. તેથી તેમને પ્રોત્સાહિત કરવા જોઇએ.

## બિમારી આપીને ખરાબ હવા શ્વાસ આંચકી રહી છે કારણ કે....


# પ્રદુષણ હજુ પણ મોટી આફત સમાન

## દેશમાં થઇ રહેલી ઇન્ફેક્શાન બિમારીઓમાં શ્વાસ સંબંધી બિમારી અને તેના કારણે મોતની ટકાવારી સતત વધી રહી છે

વધતા જતા પ્રદુષણના કારણે ભારતમાં એક મોટી સમસ્યા ઉભી થઈ રહી છે. દેશમાં શ્વાસ સંબંધી બિમારી અને તેના કારણે થતા મોતની સંખ્યા રોકેટ ગતિથી વધી રહી છે. નેશનલ હેલ્થ પ્રોફાઈલના રિપોર્ટ મુજબ દેશમાં થતી ઈન્ફેક્શન સંબંધિત બિમારીમાં શ્વાસ સંબંધી બિમારીનો ખતરો સૌથી વધારે જોવા મળે છે. સાથે સાથે શ્વાસ સંબંધી બિમારીથી મોતની સંખ્યા પણ ખુબ વધારે છે. નેશનલ હેલ્થ પ્રોફાઈલના કહેવા મુજબ વાયુ પ્રદુષણના કારણે મોત બાદ બીજા નંબર પર જે બિમારી છે તે ડાયરિયા છે. ડાયરિયાના કારણે થનાર મોતમાં આનુ યોગદાન ૧૦ ટકાની આસપાસ છે. પ્રોફાઈલ એમ પણ કહે છે કે હાલના વર્ષોમાં સરકાર તરફથી આરોગ્ય પર કરવામાં આવેલા ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. હવે તે કુલ જીડીપીના ૧.૨૮ ટકાની આસપાસ છે. તબીબો કહે છે કે શ્વાસની તકલીફની બિમારી માટે જે સૌથી વધારે જવાબદાર પરિબળ છે તે પ્રદુષણ છે. દેશમાં વધતા જતા વાયુ પ્રદુષણ ખતરનાક સમસ્યા છે. આ સમસ્યાને રોકવાની બાબત બિલકુલ સરળ દેખાતી નથી. એક્યુટ ઈન્સેપ્લાઈટિસના કારણે સાત ટકા લોકોના મોત થયા છે. વાયરલ હેપેટાઈટિસના કારણે ચાર ટકા લોકોના મોત થયા છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પણ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે. વિકાસશીલ અને વિકસીત બંને દેશોમાં હવાઈ પ્રદૂષણ માટે જે પરિબળો જવાબદાર છે તેમાં વાહન પરિવહન, નાના પાયાના ઉદ્યોગો અને અન્ય મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. ઉપરાંત બાયોમાસ સળગાવવા અને કુકીંગ માટે કોલસાને લઈને પણ પ્રદુષણ ફેલાય છે. હવાઈ પ્રદુષણમાં અન્ય ઘણા પરિબળો પણ યોગદાન આપે છે. ડબલ્યુએચઓએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે સોમવારે પ્રકાશિત થયેલા અહેવાલમાં ઘણી બધી વિગતો જાહેર કરાઈ છ. વાયુમાં પ્રદુષણ ફેલાવવા માટે જુદા જુદા પરિબળો જવાબદાર છે. જેમાં ઔદ્યોગિક એકમોના પ્રદુષણ અને વાહનમાંથી નિકળતા પ્રદુષણને મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. આ પ્રકારથી ઔદ્યોગિક એકમોમાં જુદા જુદા કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે. જે ખુબ ઘાતક હોય છે. આ કેમિકલના સ્વરૂપ ગેસ મારફતે હવામાં મિક્સ થાય છે. બીજી બાજુ લાખો કરોડોની સંખ્યામાં રહેલા વાહનોમાંથી નિકળતા ઝેરી ધુમાડાના કારણે પણ પ્રદુષણ ફેલાય છે. તે હવામાં મિક્સ થાય છે. આને રોકવા માટેના ઉપાય ભારત જ નહીં બલ્કે વિશ્વના કોઈ પણ દેશ માટે નક્કર નથી.તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઇ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે.



પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને ખૂબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે.





# શાહરુખના 'સતરંગી રે' ગીતથી પ્રેરિત ફેશન કલેક્શને પેરિસમાં ધૂમ મચાવી

ભારતીય ફેશન ડિઝાઈનર રાહુલ મિશ્રા ગયા અઠવાડિયે પોતાના સતરંગી કલેક્શનથી પેરિસમાં છવાયેલા રહ્યા. હવે તેમના કલેક્શનથી જ નવી દિલ્હી ખાતે યોજાનાર ઈન્ડિયન કુટ્યોર વીકનું ઉદ્ઘાટન થવાનું છે. તેઓ જણાવે છે કે તેમને ૨૦૨૫નાં કલેક્શન માટે ઓસ્ટ્રીયન ચિત્રકાર ગુસ્તોવ ક્લિમ્ટમાંથી પ્રેરણા મળી છે. ૩૦૦થી વધુ કલાકારોએ હજારો કલાકની મહેનત પછી તેમના આ કલેક્શનના પીસ તૈયાર કર્યા છે. ગુલઝારના ગીત 'સતરંગી રે'થી પ્રેરાઈને આ 'બિકમિંગ લવ' કલેક્શનમાં પ્રેમની દિલકશીથી મૌત સુધીની સાત તબક્કાની સફર દર્શાવવામાં આવી છે.

એક ઈન્ટરવ્યુમાં આ કલેક્શન અંગે વાત કરતા રાહુલ મિશ્રાએ જણાવ્યું, "આ એક એવું રેર કલેક્શ છે, જેમાં પ્રેમનું સંપુર્ણ ભાવનાત્મક વિશ્વ, અનોખી રીતે ભારતની ઊંડા સુફી કાવ્યોનો આધાર લેવાયો છે. જ્યારે અમે આ કલેક્શન બનાવવાનું શરૂ કર્યું ત્યારે મારા મનમાં એક ગીત સતત રમ્યાં કરતું હતું. થોડાં મહિનાઓ પહેલાં જ્યારે અમે પ્રેમના તબક્કાઓ પર અભ્યાસ કરતાં હતાં, કવિતાઓ, સાહિત્ય, કસબ, ફિલ્મ અને કલાઓ, ત્યારે મારા સ્ટુડિયોમાં એક જ ગીત વાગતું હતું. મેં એ ગીત આખી ટીમને સંભળાવ્યું. હું ઈચ્છતો હતો કે મેં જે અનુભવ્યું એ, એ લોકો પણ અનુભવે. એ આર રહેમાનનું સંગીત કેવું તમારા મનમાંથી હટતું નથી, ગુલઝાર સાહેબના સોંસરવા ઉતરી જાય એવા શબ્દો, સંતોષ સિવાનનાં ધબકારા અટકાવી દે એવાં દૃશ્યો, મણિરત્નમનું કાવ્યાત્મક ડિરેક્શન બધું જ તમારા મન પર પ્રેમના રંગો, અવાજ અને મૌનને રજૂ કરે છે."

આ કલેક્શની ડિઝાઈન આ ગીતથી પ્રેરિત નથી પણ તેનો જુસ્સો એવો જ છે. આ ગીત માત્ર એક સંદર્ભ નહી પણ એક સીમાચિહ્ન સમાન હતું. રાહુલ મિશ્રાએ આગળ જણાવ્યું, "આ ગીત આપણને યાદ અપાવે છે કે પ્રેમ કઈ રીતે નિર્દોષ હોય કે પછી લત લગાડી દે એવો હોય, નાજુક હોય કે ઘાતક હોય, પવિત્ર હોય કે પછી એક જ ક્ષણમાં પાયમાલ કરી નાખે એવો હોય. દિલકશીથી મોત સુધીનો દરેક તબક્કો તમને સતરંગીમાં મળશે. આ ગીતમાં એક યુનિવર્સલ અપીલ છે, છતાં બિલકુલ અંગત લાગે છે. તેના કારણે મને આ કલેક્શન તૈયાર કરવાનો મૂડ બનાવવામાં મદદ મળી, તેના કારણે આ કલેક્શનનું ઈમોશનલ આર્કિટેક્ચર તૈયાર થઈ શક્યું. આ સમગ્ર કલેક્શનમાં પ્રેમના દરેક તબક્કાનું અલગ કલેક્શન હોય એવું લાગશે. ૩૦૦થી વધુ કારીગરોની ટીમે હજારો કલાકોની મહેનતથી આ કલેક્શન તૈયાર કર્યું છે. દરેક પીસ સંપુર્ણપણે હાથથી બનેલો છે. ''ક્રિસ્ટોફર નોલાનનો સમાવેશ હોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટરમાં સમાવેશ થાય છે. બોક્સઓફિસ પર પોતાની કાબેલિયત વધુ એક વાર પુરવાર કરીને ક્રિસ્ટોફર નોલાને દરેકને ચોંકાવી દીધા છે. તેમના ડાયરેક્શનમાં મહાકાવ્ય આધારિત 'ધી ઓડિસી' બની રહી છે. ફિલ્મની રિલીઝ માટે આગામી વર્ષનો જુલાઈ મહિનો નક્કી થયો છે. જો કે રિલીઝના એક મહિના પહેલા ફિલ્મ માટે IMAX 70mm સ્ક્રિનનું બુકિંગ થયું હતું. આશ્ચર્ય વચ્ચે માત્ર એક કલાકમાં તમામ ટિકિટ બુક થઈ ગઈ હતી. 'ધી ઓડિસી'ની ૧૭-૧૯ જુલાઈના વીકેન્ડમાં વર્ષ ૨૦૨૬માં રિલીઝ કરવામાં આવશે. તેના માટે IMAX 70mmના ૨૫-૨૬ લોકેશન નક્કી થયા છે. મહાકાવ્ય આધારિત ફિલ્મને નોલાને ખૂબ ભવ્ય બનાવી હશે તેવું ઓડિયન્સને લાગ્યું છે. ફિલ્મ માટે ૧૬ જુલાઈ ગુરુવારે સ્પેશિયલ આફટરનૂન સ્ક્રિનિંગ પણ રખાયું છે. ગ્રીક મહાકાવ્યને તેમણે IMAX કેમેરાથી શૂટ કર્યું છે. હોલિવૂડમાં પ્રથમ વખત કમર્શિયલ ફિલ્મનું આ કેમેરાથી શૂટ થયું છે.

પશ્ચિમી દેશોમાં મહાકાવ્ય ઓડિસીની મહાગાથા દરેક ઘર પરિચિત છે અને તેને મોટા પડદે જોવાની ઉત્સુકતા પણ સ્વાભાવિક પણે વધારે છે. નોલાનની આ ફિલ્મના IMAX 70mm સ્ક્રિનનું બુકિંગ એક વર્ષ પહેલા ખુલવા છતાં માત્ર કલાકમાં જ બધી ટિકિટ વેચાઈ ગઈ હતી. ક્રિસ્ટોફર નોલાનની બહુચર્ચિત ફિલ્મ ઓપનહાઈમરને ઓસ્કાર એવોર્ડ મળવાની સાથે બોક્સઓફિસ પર સફળતા પ્રાપ્ત થઈ હતી. જેના કારણે ક્લાસ અને માસ બંને પ્રકારના ઓડિયન્સમાં નોલાનનો પ્રભાવ વધ્યો છે. નોલાનની આ ફિલ્મને અમેરિકામાં 16 IMAX 70mm સ્ક્રિન પર દર્શાવવામાં આવશે. ૧૭-૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન તેના પ્રીવ્યૂ શો થવાના છે. ફિલ્મના પ્રીમિયરના તમામ શો હાઉસફૂલ થઈ ગયા છે.

# ત્રણ વર્ષ પહેલા એક્સ્ટ્રા તરીકે સ્ટ્રગલ કરતી અનીત પડ્ડાને 'સૈયારા'એ સ્ટાર બનાવી

## ૩૦ કરોડમાં બનેલી 'સૈયારા'એ પહેલા દિવસે જ ૨૦ કરોડનું કલેક્શન મેળવ્યું

પ્રમોશનની ચમક-દમક વગર બે દાયકા જૂની સ્ટાઈલમાં રિલીઝ થયેલી 'સૈયારા'એ પહેલા દિવસે જ કમાલ કરી દીધી છે. યશરાજ ફિલ્મ્સે પ્રોડ્યુસ કરેલી આ ફિલ્મ સાથે ડાયરેક્ટર મોહિત સુરીએ ફરી એક વખત રોમેન્ટિક જોનરમાં હાથ અજમાવ્યો છે. આ ફિલ્મના લીડ એક્ટર અહાન પાંડે અને અનીત પડ્ડા માટે આ પહેલી ફિલ્મ છે. ડેબ્યુ સ્ટારની ફિલ્મને જંગી પ્રમોશન વગર ઓડિયન્સ સમક્ષ રજૂ કરવાની સાથે રોમેન્ટિક જોનરમાં હાથ અજમાવવાનો અખતરો સફળ રહ્યો છે. ત્રણ વર્ષ પહેલા ફિલ્મોમાં એક્સ્ટ્રા આર્ટિસ્ટ તરીકે સ્ટ્રગલ કરનારી અનિત પડ્ડાને આ ફિલ્મે પહેલા જ દિવસે સ્ટાર બનાવી દીધી છે. 'સૈયારા'માં અહાન પાંડે અને અનિત પડ્ડાની જોડી છે. અહાન પાંડેને ચંકી પાંડેના ભત્રીજા દરેક બોલિવૂડ ઓળખે છે, પરંતુ અનિત પડ્ડા તો સંપૂર્ણપણે આઉટસાઈડર છે. લીડ રોલ મળતાં પહેલાં તેણે ફિલ્મો-ઓટીટીમાં નાના રોલ કરેલા છે.




અનિતની વાત કરીએ તો તેનો જન્મ અમૃતસરના મધ્યવર્ગીય પરિવારમાં વર્ષ ૨૦૦૨માં થયો હતો. બોલિવૂડની દુનિયાથી તે સાવ દૂર હતી. ટીનએજમાં પહોંચ્યા પછી અનિતે એડવર્ટાઈઝમેન્ટ માટે મોડેલિંગ શરૂ કર્યું અને તેને ઓફરો મળતી રહી. દિલ્હી યુનિવર્સિટીની જીસસ એન્ડ મેરી કોલેજમાંથી તેણે બેચલરની ડિગ્રી હાસલ કરી. મોડેલિંગના કારણે તેને બોલિવૂડ હંમેશા આકર્ષતુ રહ્યું અને મુંબઈમાં તેણે સ્ટ્રગલ શરૂ કરી. વર્ષ ૨૦૨૨માં આવેલી કાજોલની ફિલ્મ સલામ વેન્કીમાં સાથે તેણે પ્રથમ વખત ફિલ્મમાં પ્રવેશ કર્યો. જો કે આ ફિલ્મમાં તે માત્ર એક્સ્ટ્રા આર્ટિસ્ટ હતી.

ગત વર્ષે એમેજોન પ્રાઈમ વીડિયોની સિરીઝ બિગ ગર્લ્સ ડોન્ટ ક્રાય સાથે તેને મોટો બ્રેક મળ્યો. આ સિરીઝમાં તેણે પૂજા ભટ્ટ, રાઈમા સેન અને ઝોયા હુસૈન જેવા જાણીતા કલાકારો સાથે કામ કર્યું. એક્ટિંગની સાથે અનિતને ગાવાનો પણ શોખ છે. સિંગર તરીકે તેનું પહેલું ગીત માસૂમ વર્ષ ૨૦૨૪માં રેકોર્ડ થયું હતું. આ જ વર્ષે તેને ટીવી શો યુવા સપનો કા સફરમાં તેને સર્પોટિંગ રોલ મળ્યો.

વર્ષ ૨૦૨૫માં ડાયરેક્ટર મોહિત સૂરી રોમેન્ટિક ફિલ્મની તૈયારી કરી રહ્યા હતા. તેમને પોતાની ફિલ્મમાં ફ્રેશ ફેસની જરૂર હતી. લીડ રોલ માટે સેંકડો એક્ટ્રેસના ઓડિશન લેવાયા. અનિત પડ્ડાના ઓડિશને મોહિત સૂરી અને યશરાજ ફિલ્મ્સના મેનેજમેન્ટને પ્રભાવિત કર્યા. અનિતની સાથે આ ફિલ્મમાં અહાન પાંડે ફાઈનલ હતો. ચંકી પાંડેનો ભત્રીજો અને અનન્યા પાંડેનો ભાઈ હોવાના કારણે અહાન માટે આ દુનિયા નવી નથી, પરંતુ 'સૈયારા'ની સફળતાએ અનિતને રાતોરાત સ્ટાર બનાવી દીધી છે.

ભારતીય ફિલ્મ જગતમાં એક્શન ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે ત્યારે રોમેન્ટિક ફિલ્મની સફળતા બાબતે દરેકને શંકા રહેતી હોય છે. મોહિત સૂરીએ 'સૈયારા'ની સ્ટોરી સાથે કામ શરૂ કર્યું ત્યારે ઘણા લોકોએ તેને જૂના જમાનાની ગણાવી હતી. જો કે બોક્સઓફિસનો ખરો રાજા તો રોમાન્સ જ છે, તેવુ મોહિત સૂરી માનતા હતા. રોમેન્ટિક ફિલ્મમાં ગીત-સંગીતનું ખાસ મહત્ત્વ હોય છે. તનિષ્ક બાગચીના મ્યૂઝિકે નવી પેઢીને ખુશ કરી છે અને ફિલ્મ માટે ઉત્સુકતા વધારવામાં તેમનો મોટા ફાળો છે.

પ્રારંભિક અંદાજ મુજબ, આ ફિલ્મે પહેલા દિવસે રૂ.૧૮થી ૨૦ કરોડનું કલેક્શન મેળવ્યું છે. એડવાન્સ બુકિંગમાં જ આ ફિલ્મને રૂ.૧૦ કરોડથી વધુની આવક થઈ હતી.

આ વર્ષની હિન્દી ફિલ્મોની વાત કરીએ તો, ઓપનિંગ ડે પર સૌથી વધુ કલેક્શન મેળવવામાં 'સૈયારા' ચોથા ક્રમે આવી ગઈ છે. આમિર ખાનની 'સિતારે જમીન પર'ને પહેલા દિવસે રૂ.૧૦.૭ કરોડનું કલેક્શન મળ્યું હતું. ભરપૂર પ્રમોશન અને આમિરના સ્ટારડમ સાથે ઉત્સુકતા ઊભી કરનારી આ ફિલ્મને હિટ ગણવામાં આવે છે. ફ્રેશ ફેસ અને જૂના જમાનાની રોમેન્ટિક સ્ટોરી સાથે રજૂ થયેલી 'સૈયારા'એ રિલીઝના પહેલા દિવસે જ આમિરની ફિલ્મને પછડાટ આપી દીધી છે. કુલ

રૂ.૩૦ કરોડના બજેટમાં બનેલી 'સૈયારા'ને પહેલા વીકેન્ડમાં જ બજેટ કરતાં વધુ આવક થવાની શક્યતા છે ત્યારે ૨૦૨૫ની સૌથી મોટી હિટ ફિલ્મોની યાદીમાં પણ તેનો સમાવેશ નિશ્ચિત મનાય છે.



# રિલીઝના વર્ષ પહેલાં એડવાન્સ બુકિંગ ફુલઃ 'ધી ઓડિસી'ની તમામ ટિકિટ માત્ર કલાકમાં વેચાઈ

## ક્રિસ્ટોફર નોલાનના ડાયરેક્શનમાં બની રહેલી ફિલ્મનું IMAX 70mmમાં સ્ક્રિનિંગ થશે

ક્રિસ્ટોફર નોલાનનો સમાવેશ હોલિવૂડના દિગ્ગજ ડાયરેક્ટરમાં સમાવેશ થાય છે. બોક્સઓફિસ પર પોતાની કાબેલિયત વધુ એક વાર પુરવાર કરીને ક્રિસ્ટોફર નોલાને દરેકને ચોંકાવી દીધા છે. તેમના ડાયરેક્શનમાં મહાકાવ્ય આધારિત 'ધી ઓડિસી' બની રહી છે. ફિલ્મની રિલીઝ માટે આગામી વર્ષનો જુલાઈ મહિનો નક્કી થયો છે. જો કે રિલીઝના એક મહિના પહેલા ફિલ્મ માટે IMAX 70mm સ્ક્રિનનું બુકિંગ થયું હતું. આશ્ચર્ય વચ્ચે માત્ર એક કલાકમાં તમામ ટિકિટ બુક થઈ ગઈ હતી.

'ધી ઓડિસી'ની ૧૭-૧૯ જુલાઈના વીકેન્ડમાં વર્ષ ૨૦૨૬માં રિલીઝ કરવામાં આવશે. તેના માટે IMAX 70mm™ના ૨૫-૨૬ લોકેશન નક્કી થયા છે. મહાકાવ્ય આધારિત ફિલ્મને નોલાને ખૂબ ભવ્ય બનાવી હશે તેવું ઓડિયન્સને લાગ્યું છે. ફિલ્મ માટે ૧૬ જુલાઈ ગુરુવારે સ્પેશિયલ આફટરનૂન સ્ક્રિનિંગ પણ રખાયું છે. ગ્રીક મહાકાવ્યને તેમણે સ્છઠ કેમેરાથી શૂટ કર્યું છે. હોલિવૂડમાં પ્રથમ વખત કમર્શિયલ ફિલ્મનું આ કેમેરાથી શૂટ થયું છે.

પશ્ચિમી દેશોમાં મહાકાવ્ય ઓડિસીની મહાગાથા દરેક ઘર પરિચિત છે અને તેને મોટા પડદે જોવાની ઉત્સુકતા પણ સ્વાભાવિક પણે વધારે છે. નોલાનની આ ફિલ્મના IMAX 70mm સ્ક્રિનનું બુકિંગ એક વર્ષ પહેલા ખુલવા છતાં માત્ર કલાકમાં જ બધી ટિકિટ વેચાઈ ગઈ હતી. ક્રિસ્ટોફર નોલાનની બહુચર્ચિત ફિલ્મ ઓપનહાઈમરને ઓસ્કાર એવોર્ડ મળવાની સાથે બોક્સઓફિસ પર સફળતા પ્રાપ્ત થઈ હતી. જેના કારણે ક્લાસ અને માસ બંને પ્રકારના ઓડિયન્સમાં નોલાનનો પ્રભાવ વધ્યો છે. નોલાનની આ ફિલ્મને અમેરિકામાં 16 IMAX 70mm સ્ક્રિન પર દર્શાવવામાં આવશે. ૧૭-૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન તેના પ્રીવ્યૂ શો થવાના

# અક્ષય કુમાર દેશના ૬૫૦ સ્ટંટમેનનો રક્ષક બન્યો

## સમગ્ર દેશના સ્ટંટમેન માટે અક્ષયે વીમો કઢાવ્યો

અક્ષય કુમારની ઉદારતા અને કાબીલે દાદ કામનો એક ઉત્તમ નમુનો સામે આવ્યો છે. તાજેતરમાં એક સ્ટંટ મેન એસ.રાજુનું એક તમિલ ફિલ્મના શૂટિંગ વખતે અકસ્માતમાં અવસાન થયું હતું. આ ઘટના પર ઘણા કલાકારો અને કસબીઓએ દુઃખ વ્યક્ત કર્યું પરંતુ અક્ષય કુમારે આ ઘટનાને પગલે નક્કર પગલાં લીધાં છે. તેણે દેશભરનાં ૬૫૦ સ્ટંટમેન અને સ્ટંટવુમન માટે વીમા સુરક્ષા પુરી પાડવાનો નિર્ણય લીધો છે. આ કસબીઓ દરેક ફિલ્મનાં જોખમો પોતે ખેડતાં હોય છે અને પડદા પર તેનું શ્રેય હિરો અને હિરોઈનને મળતું હોય છે. તેમની સ્થિતિ અંગે મોટા ભાગે અવગણના કરાતી હોય છે, ત્યારે અક્ષય કુમારના આ નિર્ણયને ખૂબ વખાણવામાં આવી રહ્યો છે. સેટ પર ઘણા સ્ટંટ આર્ટીસ્ટ કોઈ અકસ્માતનો ભોગ બને ત્યારે તેમને પુરતા સાધન અને સુવિધાઓ પણ ઘણી વખત મળતાં નથી. તેમાંથી ઘણા તો એવા હોય છે, જેમની પાસે કોઈ મેડિકલ ઈન્શ્યોરન્સ પણ હોતાં નથી. ત્યારે અક્ષય કુમારે તેમનાં કામની નોંધ લઈને તેમનું ભવિષ્ય થોડું સુરક્ષિત કરવા પ્રયત્ન કર્યા છે. તેના આ કામ બદલ 'ધડક ૨', 'જિગરા', 'ગુંજન સક્સેના', 'અંતિમ', 'ઓએમજી ૨'જેવી ફિલ્મોમાં કામ કરી ચુકેલા પીઢ સ્ટંટમેન વિક્રમ સિંહ દહિયાએ અક્ષય કુમારનો આભાર માન્યો છે. તેમણે કહ્યું, "અક્ષય સરના આભારી છીએ કે, હવે બોલિવૂડના લગભગ ૬૫૦-૭૦૦ સ્ટંટમેન ને એક્શન ક્રૂને હવે ઈન્શ્યોરન્સ મળી ગયું છે. એમણે એવી પોલિસી લેવડાવી છે, જેમાં હેલ્થ અને એક્સિડન્ટ બંને કવર થઈ જાય છે. જો કોઈ સ્ટંટ પર્ફોર્મર સેટ પર કે સેટ બહાર ઘાયલ થાય છે, તો તેમને કેશલેસ સારવાર મળી શકે છે અને તેની મર્યાદા પથી પ.પ લાખના ખર્ચ સુધીની છે."અક્ષય કુમારના પ્રયત્નોને કારણે સમગ્ર સ્ટંટ કોમ્યુનિટીએ તેના ખુબ વખાણ કર્યા છે અને તેણે સાબિત પણ કર્યું છે કે જેમની પાસે સત્તા અને પૈસા છે.

# 'શરૂઆતમાં હું સતત અન્યો જેવી બનવા કોશિશ કરતી'

તૃપ્તિ ડિમરી આજે એક જાણીતી એક્ટ્રેસ બની ગઈ છે, તેણે ભલે ફિલ્મ ઓછી કરી છે, પરંતુ કોઈ ગોડફાધર વિના ઈન્ડસ્ટ્રીની બહારથી આવીને પોતાની જગ્યા બનાવી છે. તેણે શરૂઆતના દિવસોમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. હાલ તેની અને સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ 'ધડક ૨' આવી રહી છે, બંનેએ બહારથી આવીને પોતાની મહેનતથી પોતાનું સ્થાન બનાવ્યું છે. ત્યારે એક ઈન્ટરવ્યુમાં તૃપ્તિએ પોતાની જગ્યા બનાવવાનો સંઘર્ષ, ઈન્ડસ્ટ્રીમાં બહારનાઓ સાથે થતું વર્તન અને બીજાઓ જેવું બનીને તેમની વચ્ચે જગ્યા બનાવવામાં પોતાની જાતને ગુમાવવા અંગે વાત કરી હતી.

પોતાની ખરી જાતને બતાવવી કે છુપાવવી એવા પડકારો અંગે કબૂલાત કરતાં તૃપ્તિએ જણાવ્યું કે શરુઆતના સમયમાં તેને ઈન્ડસ્ટ્રીમાં આ તકલીફ પડી હતી. તેણે કહ્યું કે તેણે અને સિદ્ધાંતે બંનેએ કોઈ સંબંધો વિના બિલકુલ અજાણી દુનિયામાં બહારથી આવીને પોતાની જગ્યા બનાવી છે. શરુઆતના થોડા વર્ષોમાં લોકો વચ્ચે જગ્યા બનાવવા માટે તેને દરરોજ સંઘર્ષ કરવો પડતો હતો, કારણ કે તે જે માહોલમાંથી આવી હતી અને જ્યાં તનો ઉછેર થયો હતો, તેનાથી આ દુનિયા ઘણી અલગ હતી.

આગળ તૃપ્તિએ આ સ્થિતિ અંગે જણાવ્યું કે તેના માટે બિલકુલ અજાણી દુનિયામાં આવીને તેને લાગતું હતું કે તેને તો કશું જ આવડતું જ નથી. નવું શીખવામાં અને અહીંના લોકો જેવું બનવામાં તેને લાગતું હતું કે તે પોતાની ખરી જાતને ગુમાવી રહી છે. તે સતત પોતાનું વર્તન લોકો જેવું બનવા માટે બદલી રહી હતી. તેણે કહ્યું કે તે તેના મુંબઈના મિત્રો સાથે સતત સમય વિતાવતી પણ મોટા ભાગે મૌન જ રહેતી હતી, કારણ કે તેને સમજાતું નહોતું કે તે કશુંક કરશે કે કંઈ બોલશે તો કેવું લાગશે. તેને બધું એકલવાયું અને જાણે વિદેશમાં હોય એવું લાગતું હતું. હવે તેનામાં આત્મવિશ્વાસ વધ્યો છે અને તે જેવી છે તેવી જ રહેવામાં તે ખચકાટ અનુભવતી નથી. તેણે કહ્યું કે પોતાનું અજ્ઞાન છતું થઈ જવાના ડરથી સતત ચૂપ રહેવાથી તે ખુબ નિઃરાશ થતી હતી.

તે એક અંતર્મુખી વ્યક્તિ છે, આ સ્વભાવ વિશે વાત કરતા તેણે જણાવ્યું કે, મુંબઈમાં તેના શરૂઆતનાં બે વર્ષ દરમિયાન તે જાણે પોતાને એક કોચલાંમાં બંધ કરી રહી હોય એવું લાગતું હતું. આવો જ અનુભવ તેને સ્કૂલના શરુઆતના દિવસોમાં પણ થયો હતો. આ તેના જીવનનો પીડાદાયક તબક્કો હતો, તેમ છતાં તેણે તેને આગળ વધવા પ્રેરી છે. તેણે કહ્યું કે આ તબક્કામાંથી બહાર આવવાનો એક જ રસ્તો છે, એમાંથી પસાર થવાનો. આ તબક્કાએ તેને પોતાની જાતને સ્વીકારાતં શીખવ્યું, તેની ખામીઓ સ્વીકારીને તે જે છે, તેમાં ગર્વ અનુભવતા શીખી. તેના મતે ભુલો કરવામાં કંઈ ખોટું નથી – જ તમે તેમાંથી કશુંક શીખતા હોય કે આગળ વધતાં હોય તો.



# આકાશદીપ, અર્શદીપના કવર તરીકે ભારતીય ટીમમાં અંશુલ કમ્બોજ સામેલ



ઈંગ્લેન્ડનો પ્રવાસ કરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમમાં ઈજાગ્રસ્ત આકાશદીપ અને અર્શદીપને સ્થાને કવર તરીકે રવિવારે ઝડપી બોલર અંશુલ કમ્બોજનો સમાવેશ કરવામાં આવ્યો હતો. અંશુલ કમ્બોજ ટૂંક સમયમાં ટીમ સાથે જોડાઈ જશે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલમાં રમાઈ રહેલી પાંચ ક્રિકેટ ટેસ્ટની સિરીઝની ચોથી ટેસ્ટ માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ૨૩મી જુલાઈથી ચોથી ટેસ્ટનો પ્રારંભ થશે. ભારત હાલમાં સિરીઝમાં ૧-૨થી પાછળ છે ત્યારે આ મેચ જીતીને સિરીઝનો સ્કોર સરભર કરવાની તેની પાસે તક રહેલી છે. આમ અંશુલ કમ્બોજ માન્ચેસ્ટરમાં ટીમ સાથે જોડાઈ જશે.

ઈંગ્લેન્ડ સામે અનુક્રમે એજબસ્ટન અને લોર્ડ્ઝ ખાતેની બીજી અને ત્રીજી ટેસ્ટમાં રમેલો આકાશદીપ ગ્રોઈન ઈજાથી પરેશાન છે જ્યારે લેફ્ટ આર્મ પેસર અર્શદીપ વર્તમાન સિરીઝમાં હજી સુધી એકેય ટેસ્ટમાં રમ્યો નથી.

ચોથી ટેસ્ટમાં આકાશદીપ રમી શકશે કે નહી તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી જ્યારે અર્શદીપને માન્ચેસ્ટર ટેસ્ટમાં સ્થાન મળે તેવી શક્યતા ઘણી ઓછી છે. ત્યારે પસંદગીકારોએ આ બંને બોલરના કવર તરીકે અંશુલ કમ્બોજને ટીમ સાથે જોડાવાનો નિર્ણય લીધો હતો.

ગુરુવારે ભારતીય ટીમ બેકેનહામ ખાતે નેટ પ્રેક્ટિસ કરી રહી હતી ત્યારે સાઈ સુદર્શને બેટિંગ કરતી વખતે એક આક્રમક શોટ ફટકાર્યો હતો જેને રોકવાના પ્રયાસમાં અર્શદીપના ડાબા હાથે ઈજા થઈ હતી. આમ તેના બોલિંગ કરવાના હાથે જ પટ્ટી બાંધવામાં આવી છે.ભારતીય ટીમના આસિસ્ટન્ટ કોચ રાયન ટેન ડોસ્કાથેએ આ અંગે જણાવ્યું હતું કે માન્ચેસ્ટર ખાતેની ટેસ્ટ અગાઉ એકાદ દિવસમાં અમે અંતિમ ઈલેવન અંગે વિચારણા કરીશું અને ખાસ કરીને અર્શદીપ રમી શકશે કે નહીં તે અંગે પણ ત્યારે જ સમીક્ષા કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે અર્શદીપ બોલિંગ કરતો હતો ત્યારે તેના હાથ પર ઘા પડ્યો હતો. તે કેટલો ગંભીર ઘા છે તે અંગે હજી સુધી સ્પષ્ટતા થઈ નથી. દેખીતી રીતે જ મેડિકલ ટીમ તેને મેદાન બહાર લઈ ગઈ હતી અને તેને ડોક્ટર પાસે સલાહ લેવા માટે મોકલાયો હતો. હવે તેના હાથ પર સ્ટિચ આવે છે કે તેની જરૂર નથી તેની ઉપર અમારી ટીમના પ્લાનિંગનો આધાર રહેલો છે અને તે અંગે આગામી દિવસોમાં ખબર પડી જશે.૨૪ વર્ષીય અંશુલ કમ્બોજનો સમાવેશ ટીમના લાભ માટે છે કેમ કે આ ટેસ્ટ સિરીઝ અગાઉ તે ઈંગ્લેન્ડ લાયન્સ સામે રમેલી ભારત-એ ટીમ માટે રમ્યો હતો અને પ્રભાવશાળી બોલિંગ કરી હતી. આમ તેની પાસે તાજેતરમાં જ ઈંગ્લેન્ડમાં રમવાનો અનુભવ છે.લાયન્સ સામેની નોર્થેમ્પ્ટન અને કેન્ટરબરી ખાતેની મેચમાં મળીને કમ્બોજે પાંચ વિકેટ ઝડપી હતી.

# ભારતના બહિષ્કારથી ડબ્લ્યુસીએલની ભારત-પાકિસ્તાન મેચ રદ કરાઈ

## શિખર ધવન સહિતના ક્રિકેટર્સે પાકિસ્તાન સામે રમવાનો ઇનકાર કરી દીધો હતો, લિજેન્ડ્સની મેચ રદ



ભારત અને પાકિસ્તાનના વેટરન્સ વચ્ચે રવિવારે અહીં વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની મેચ રમાનારી હતી પરંતુ પહેલગામ હુમલાને ધ્યાનમાં રાખીને શિખર ધવન સહિતના ભારતના ક્રિકેટર્સે પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કરી દેતાં આયોજકોને આ મેચ રદ કરવાની ફરજ પડી હતી.

એપ્રિલમાં કાશ્મીરના પહેલગામ ખાતે પાકિસ્તાની ત્રાસવાદીઓએ ભારતીય નાગરિકો પર હુમલો કર્યો હતો જેમાં ઘણા લોકોના મોત થયા હતા. ભારતે જવાબી કાર્યવાહી રૂપે પાકિસ્તાનની આતંકવાદી છાવણીઓ પર આક્રમણ કર્યું હતું. આ ઘટનાને ધ્યાનમાં રાખીને ભારતના કેટલાક સ્ટાર ખેલાડીઓએ અહીં બર્મિંગહામ ખાતે રમાનારી વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સની મેચમાં પાકિસ્તાન સામે રમવાનો ઈનકાર કરીને પાકિસ્તાનનો બહિષ્કાર કર્યો હતો.

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)ની આ વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓપ લિજેન્ડ્સની બીજી સિઝન છે જેમાં બોલિવૂડ સ્ટાર અજય દેવગણ સહમાલિકી ધરાવે છે. ૧૮મી જુલાઈથી અહીંના એજબસ્ટન ખાતે આ લીગનો પ્રારંભ થયો હતો અને તેની ફાઈનલ મેચ બીજી ઓગસ્ટે રમાનારી છે.

ઈન્ડિયા ચેમ્પિયન્સ ટીમ તેમાં ભાગ લઈ રહી છે અને તેનો સુકાની ૨૦૧૧ની વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર યુવરાજસિંઘ છે. આ ઉપરાંત ભારતીય ટીમમાં શિખર ધવન, હરભજનસિંઘ, ઈરફાન અને યુસુફ પઠાણ, સુરેશ રૈના, રોબિન ઉથપ્પા અને વરુણ એરોન જેવા ખેલાડીઓ રમી રહ્યા છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રદ કરવાનો નિર્ણય જાહેર કરતાં WCLના આયોજકોએ ટ્વિટર પર જણાવ્યું હતું કે આ મેચનુ આયોજન કરતી વખતે તેમની યોજના બંને દેશ વચ્ચેના ક્રિકેટના ભૂતકાળની યાદ તાજી કરવાની હતી. પકિસ્તાની હોકી ટીમ આ વર્ષના અંતે ભારતનો પ્રવાસ કરી રહી છે તો તાજેતરમાં ભારત અને પાકિસ્તાનની વોલિબોલની ટીમ વચ્ચે મેચ રમાઈ હતી અને બંને દેશ વચ્ચે અલગ અલગ સ્થળોએ વિવિદ રમતની ઈવેન્ટ યોજાનારી છે તેવા અહેવાલને પગલે અમે WCLમાં ભારત અને પાકિસ્તાનના લિજેન્ડ્સ વચ્ચે મેચ ગોઠવી હતી. અમારો આશય વિશ્વભરના રમતપ્રેમીઓ માટે ભૂતકાળની યાદો તાજી કરવાનો જ હતો.

જોકે આ પ્રક્રિયામાં અમે કદાચ ઘણા બધાની લાગણી દુભાવી હોવાનો હવે અહેસાસ થયો છે અને તેથી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચ રદ કરી રહ્યા છીએ તેમ આયોજકોએ નિવેદનમાં ઉમેર્યું હતું.

ભારતની ટીમની માફક પાકિસ્તાની ટીમમાં પણ ભૂતકાળના કેટલાક ઈન્ટરનેશનલ સ્ટાર ક્રિકેટર્સ રમવાના હતા જેમાં શાહિદ આફ્રિદી, યુનિસ ખાન, સોહૈલ તનવીર, વહાબ રિયાઝ, કામરાન અકમલનો સમાવેશ થતો હતો.

આયોજકોએ જારી કરેલા નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે ભારતના સ્ટાર ક્રિકેટર્સે આ મેચમાં રમવાનો ઈનકાર કરી દેતાં અમે આ મેચ રદ કરી રહ્યા છીએ. અમે કોઈની લાગણી દુભાઈ હોય તો તે અંગે ખરા દિલથી માફી માગી રહ્યા છીએ અને એવી આશા રાખીએ છીએ કે અમારો આશય માત્ર અને માત્ર ભૂતકાળની યાદો તાજી કરવાનો હતો તે બાબત લોકો સારી રીતે સમજી શકશે.

ભારતના ભૂતપૂર્વ ઓપનર શિખર ધવને પણ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે તે પાકિસ્તાન સામેની આ મેચમાં રમશે નહી. આયોજકોએ જણાવ્યું હતું કે શિખર ધવને ૧૧મી મેએ જ અમને જાણ કરી દીધી હતી કે તે WCLમાં પાકિસ્તાન સામેની કોઇ પણ મેચમાં રમવાનો નથી. તેણે આ અંગે અમને અગાઉથી જ જાણ કરી દીધી હતી.

ધવને સ્પષ્ટતા કરી હતી કે તે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરમાં વણસેલા સંબંધો અને પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સામે નહી રમવાનો નિર્ણય લઈ રહ્યો છે.

પહેલગામ ખાતેના આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું અને ત્યાર બાદ પાકિસ્તાનની વિનંતીથી તેમાં યુદ્ધવિરામ આવ્યો હતો.

WCLના આયોજકોએ જણાવ્યું હતું કે બંને દેશ વચ્ચેની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શિખર ધવન તથા તેના સાથી ખેલાડીઓએ આ નિર્ણય લીધો હતો જેમનો અમે આદર કરીએ છીએ.હાલમાં રાજ્યસભાના સાંસદ એવા ઓફ સ્પિનર હરભજનસિંઘ, અન્ય સંસદસભ્ય યુસુફ પઠાણ અને ઈરફાન પઠાણે પણ આ મેચનો બરિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. જોકે તેમણે હજી સુધી આ અંગે કોઈ નિવેદન જારી કર્યું નથી.

પાકિસ્તાન સામે રમવાની બાબતે સોશિયલ મીડિયા પર ભારતીય ખેલાડીઓની આકરી ટીકા થઈ રહી હતી. ગયા વર્ષે જ યોજાયેલી WCLમાં એજબસ્ટન ખાતેની ફાઈનલમાં પાકિસ્તાનને પાંચ વિકેટે હરાવીને ભારતે ટાઈટલ જીત્યું હતું.

# વરસાદના વિઘ્ન બાદ ટારગેટ બદલાયો, ભારત વિમેન્સનો પરાજય



પ્રવાસી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસમાં સારું ફોર્મ ધરાવતી હતી પરંતુ શનિવારે રમાયેલી બીજી વન-ડે ક્રિકેટમાં તેને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આઠ વિકેટના આ વિજય સાથે ઈંગ્લેન્ડે ત્રણ મેચની સિરીઝનો સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. આમ મંગળવારે રમાનારી ત્રીજી અને અંતિમ વન-ડે મેચ નિર્ણાયક બની ગઈ છે.

અહીંના લોર્ડ્ઝ ખાતે રમાયેલી મેચમાં વરસાદના વારંવારના વિઘ્ન વચ્ચે મેચ ૫૦ને બદલે ૨૯-૨૯ ઓવરની કરી દેવાઈ હતી. જેમાં ભારત વિમેન્સે પ્રથમ બેટિંગ કરીને આઠ વિકેટે ૧૪૩ રન નોંધાવ્યા હતા. ઈંગ્લેન્ડની ઈનિંગ્સ દરમિયાન ફરીથી વરસાદનું આગમન થતાં અંગ્રેજ ટીમનો ટારગેટ બદલાયો હતો અને તેને ૨૪ ઓવરમાં ૧૧૬ રનનો નવો ટારગેટ મળ્યો હતો જે ઈંગ્લેન્ડની ટીમે ૨૧ ઓવરમાં બે વિકેટના ભોગે વટાવી દીધો હતો.

મેચ જીતવા મૂળ ૧૪૪ રનના ટારગેટ સામે રમી રહેલી ઈંગ્લેન્ડ વિમેન્સ ટીમે પ્રારંભથી જ વરસાદને ધ્યાનમાં રાખીને ઝડપી બેટિંગ કરી હતી જે તેને આગળ જતાં ડકવર્થ એન્ડ લૂઈસ સિસ્ટમથી ટારગેટ બદલાયો ત્યારે કામ લાગી હતી.

ઈંગ્લેન્ડ વિમેન્સ માટે ઓપનર અને વિકેટકીપર એમી જોન્સે અણનમ ૪૬ રન ફટકાર્યા હતા. ૫૭ બોલમાં પાંચ ચોગ્ગા ફટકારનારી જોન્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી. તેના સિવાય ટેમ્મી બ્યુમોન્ટે ૨૫ બોલમાં ૨૪ અને કેપ્ટન નેટ સિવર-બ્રન્ટે અણનમ ૨૧ રન ફટકાર્યા હતા. ભારત માટે સ્નેહ રાણા અને ક્રાંતિ ગૌડે એક એક વિકેટ લીધી હતી.

અગાઉ ભારતીય વિમેન્સ ટીમની ઈનિંગ્સમાં ઓપનર સ્મૃતિ મંધાના અને ઓલરાઉન્ડર દિપ્તી શર્મા આકર્ષણનું કેન્દ્ર રહી હતી. અનુભવી ઓપનર મંધાનાએ ૫૧ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૪૨ રન ફટકાર્યા હતા તો સાતમા ક્રમે રમવા આવેલી દિપ્તી શર્માએ ૩૪ બોલમાં અણનમ ૩૦ રન ફટકાર્યા હતા.

ઈંગ્લેન્ડ માટે આ સિરીઝની સફળ બોલર સોફી એકેલસ્ટોને ૨૭ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો એમા આર્લોટ અને લિન્સે સ્મિથે બે બે વિકેટ ઝડપી હતી.

સિરીઝમાં બંને ટીમે એક એક મેચ જીતી છે ત્યારે ભારતના આ પ્રવાસની અને વર્તમાન સિરીઝની ત્રીજી વન-ડે નિર્ણાયક બની છે જે મંગળવારે ચેસ્ટર-લી-સ્ટ્રીટ ખાતે રમાશે.

# બીસીસીઆઈના વિરોધ બાદ એશિયા કપનું આયોજન જોખમમાં આવી શકે




ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઈ) ૨૪મી જુલાઈએ બાંગ્લાદેશના ઢાકા ખાતે યોજાનારી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની બેઠકમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો છે. એસીસીના પ્રમુખ મોહસિન નકવીનો ઢાકામાં બેઠક કરવાનો તથા પોતાની મનમાની કરવાના વિરોધમાં ભારતીય ક્રિકેટ બોર્ડે આ બેઠકમાં હાજર રહેવાનો ઈનકાર કરી દીધો છે. હવે મોહસિન નકવી બેઠકનું સ્થળ બદલે નહીં અને ભારતનો વિરોધ જારી રહે તો એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું આયોજન જોખમમાં મુકાઈ શકે તેવી દહેશત છે. ભારતની યજમાનીમાં આ વર્ષે એશિયા કપનું આયોજન થવાનું છે.

એસીસી વહેલાસર આ ટુર્નામેન્ટનો પ્રોગામ જાહેર કરી શકે છે અને આ ટુર્નામેન્ટ સપ્ટેમ્બરમાં યોજાનારી છે. ૨૪મી જુલાઈએ એસીસીની ઢાકા ખાતે બેઠક યોજાવાની છે પરંતુ બાંગ્લાદેશમાં તાજેતરના સમયમાં વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ આ બેઠકમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો છે. બીસીસીઆઈ અને બાંગ્લાદેશે આંતરિક સહમતિ વ્યક્ત કરીને ઓગસ્ટમાં બંને દેશની ટીમ વચ્ચે રમાનારી લિમિટેડ ઓવર્સની સિરીઝ સ્થગિત કરી દીધી છે. બંને દેશ વચ્ચેની વ્હાઈટબોલની સિરીઝ હવે ૨૦૨૬ના સપ્ટેમ્બરમાં રમાશે.

સમગ્ર મામલા અંગે બીસીસીઆઇના એક અધિકારીએ જણાવ્યું હતું કે એસીસી પ્રમુખ મોહસિન નકવી ભારત ઉપર કારણ વિનાનું દબાણ લાદવાનો પ્રયાસ કરી રહ્યા છે. બોર્ડે એસીસીને બેઠકનું સ્થળ બદલવાનો આગ્રહ કર્યો છે પરંતુ હજી સુધી કોઈ જવાબ મળ્યો નથી. બેઠકનું સ્થળ ઢાકાથી બદલીને અન્ય કોઈ દેશમાં કરવામાં આવશે તો જ એશિયા કપ સંભવ બની શકે છે. જો મોહસિન નકવી તેમનું આ અડગ વલણ અપનાવીને ઢાકામાં જ બેઠક યોજશે તો બોર્ડ કોઈ પણ પ્રસ્તાવનો બહિષ્કાર કરશે. કેટલાક સમય અગાઉ એસીસીની શ્રીલંકામાં આગામી મહિને યોજાનારા વિમેન્સ ઈમર્જિંગ એશિયા કપ તથા સપ્ટેમ્બરમાં રમાનારા મેન્સ એશિયા કપમાંથી ખસી જવાની બીસીસીઆઈએ જાહેરાત કરી હતી તેવા અહેવાલો પ્રસ્તુત થયા હતા પરંતુ બોર્ડના સેક્રેટરી દેવજિત સૈઈકિયાએ સ્પષ્ટતા કરી હતી.

# સ્પેન ૨૮ વર્ષ બાદ UEFA વિમેન્સ ફૂટબોલની સેમિફાઇનલમાં




સ્પેને બર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં યજમાન સ્વિટ્ઝર્લેન્ડને ૨-૦થી હરાવીને પોતાના યૂરોપિયન ચેમ્પિયન બનવાના સ્વપ્નને જીવંત રાખવા ઉપરાંત ૧૯૯૭ બાદ પ્રથમ વખત યુઈએફએ વિમેન્સ ફૂટબોલ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.

વર્લ્ડ ચેમ્પિયન સ્પેને પ્રથમ હાફમાં જ બે વખત ગોલ કરવાની તક ગુમાવી હતી. પ્રથમ પેનલ્ટી કોર્નરમાં મારિયોના કાલ્ડેટનો શોટ ગોલપોસ્ટની બહાર જતો રહ્યો હતો. ત્યારબાદ છ સપ્તાહની બીમારીનો સામનો કર્યા બાદ મેદાનમાં પરત ફરેલી એલેક્સિયા પુટેલસને ગોલ કરતાં રોકવામાં આવી હતી. બીજા હાફમાં એથેનિયા ડેલ કાસ્ટેલોએ ૬૬મી તથા કલાઉડિયાએ ૭૧મી મિનિટે ગોલ કરીને સ્પેનને ૨-૦થી આગળ કર્યું હતું.સ્વિસ ટીમે મેચના અંત ભાગમાં વધારે પડતી આક્રમક રમત દાખવી હતી અને આ કારણથી નોઈલી માર્ટિનેઝને મેચની કુલ ૯૨મી મિનિટે રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું. બંને હાફમાં સ્પેનને ગોલ કરવાની કેટલીક આસાન તક મળી હતી પરંતુ સ્વિસ ડિફેન્સ હરોળે તે તમામને નિષ્ફળ બનાવી હતી. યજમાન સ્વિસ ટીમ પ્રથમ વખત મેચ પૂરી થયા બાદ ડ્રેસિંગરૂમ તરફ જતી વખતે સ્પેનની ટીમે મેદાનમાં સ્વિસ ખેલાડીઓને ગાર્ડ ઓફ ઑનર આપ્યું હતું. સેમિફાઈનલમાં સ્પેનનો મુકાબલો ફ્રાન્સ અને જર્મનીની મેચમાં વિજેતા થનારી ટીમ સાથે થશે. ટુર્નામેન્ટની અન્ય ક્વાર્ટર ફાઈનલમાં ઈંગ્લેન્ડે સ્વિડન સામેની મેચ ૨-૨થી ડ્રો રહ્યા બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૨થી વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત નોર્વેની ટીમ સામે ઈટાલિયન ટીમે ૨-૧થી વિજય હાંસલ કરીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું.

# ભારતના શ્રીશંકરે પોર્ટુગલમાં લૉંગ જમ્પ ટાઇટલ જીત્યું




ભારતના સ્ટાર લોંગ જમ્પર મુરલી શ્રીશંકરે પોર્ટુગલના મેયા ખાતે યોજાયેલી વર્લ્ડ એથ્લેટિક્સ કોન્ટિનેન્ટલ ટૂર બ્રોન્ઝ લેવલ મીટમાં શાનદાર પ્રદર્શન કરીને ૭.૭૫ મીટરના જમ્પ સાથે ટાઈટલ જીતી લીધું હતું. શનિવારે રાત્રે યોજાયેલી આ ઈવેન્ટમાં એશિયન ગેમ્સના સિલ્વર મેડલ વિજેતા શ્રીશંકરે બીજા રાઉન્ડમાં તેનો સર્વશ્રેષ્ઠ પ્રયાસ (જમ્પ) નોંધાવ્યો હતો. તેણે પ્રારંભિક રાઉન્ડમાં ૭.૬૩ મીટરનો જમ્પ લગાવ્યો હતો પરંતુ ત્યાર બાદના રાઉન્ડમાં વધુ બહેતર પ્રયાસ કરીને ૭.૭૫ મીટરનો જમ્પ લગાવ્યો હતો. ત્યાર બાદ શ્રીશંકરે ૭.૬૯ મીટરનો જમ્પ લગાવ્યો હતો અને ત્રીજા પ્રયાસમાં તેણે ફાઉલ કર્યો હતો. અંતિમ બે પ્રયાસમાં શ્રીશંકરે અનુક્રમે ૬.૧૨ મીટર અને ૭.૫૮ મીટરના જમ્પ લગાવ્યા હતા.

પોલેન્ડનો પિયોત્ર તાર્કોવસ્કીએ એક સમયે તો શ્રીશંકરના ૭.૭૫ મીટરના જમ્પની બરાબરી કરી લીધી હતી પરંતુ અન્ય રાઉન્ડના જમ્પની સરખામણી થઈ ત્યારે શ્રીશંકરનો ૭.૬૯ મીટરનો બીજો સર્વશ્રેષ્ઠ પ્રયાસ તાર્કોવસ્કી (૭.૫૮ મીટર) કરતાં બહેતર પુરવાર થયો હતો. આમ ભારતી ખેલાડીને વિજેતા જાહેર કરાયો હતો. વર્લ્ડ એથ્લેટિક્સના નિયમ મુજબ જો બે જમ્પર એક સમાન સ્કોર પર બરાબરી પર રહે તેવા સંજોગોમાં બીજા લોંગ જમ્પને ટાઈ બ્રેકર તરીકે ગણતરીમાં લેવામાં આવે છે.

૨૬ વર્ષીય શ્રીશંકર છેલ્લા કેટલાક સમયથી ઈજાગ્રસ્ત હતો અને તેણે ઢીંચણની સર્જરી કરાવી હતી. આમ તે લાંબા સમયથી કોઈ ઈવેન્ટમાં ભાગ લઈ શક્યો ન હતો. આ મહિને દોહા ખાતેની ઈન્ડિયન ઓન એથ્લેટિક્સ મીટમાં તેણે ૮.૦૫ મીટરના જમ્પ સાથે શાનદાર પુનરાગમન કર્યું હતું.

શ્રીશંકર હાલમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ક્વોલિફાઈ થવા માટે પ્રયાસ કરી રહ્યો છે. આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ સપ્ટેમ્બરમાં જાપાનના ટોક્યો ખાતે યોજાનારી છે. જેના માટે સીધા જ ક્વોલિફાઈ થવું હોય તો ૮.૨૭ મીટરનો લક્ષ્યાંક રાખવો જરૂરી છે. શ્રીશંકર હવે ૧૪મી ઓગસ્ટથી શરૂ થતી યુરોપ અને સેન્ટ્રલ એશિયામાં યોજાનારી વિવિધ ઈવેન્ટમાં ભાગ લેનારો છે. કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા શ્રીશંકરને આ ઈવેન્ટમાં ભાગ લેવા માટે કેન્દ્ર સરકાર તરફથી ૫.૫૮ લાખ રૂપિયાની સહાય મળી છે.૨૦૨૩માં ડાયમન્ડ લીગમાં કેરળનો આ એથ્લેટ મોખરાના ત્રણ ક્રમે રહેનારા ભારતીય એથ્લેટમાં સામેલ હતો જ્યાં અન્ય ભારતીયોમાં વિકાસ ગોવડા અને નીરજ ચોપરા સામેલ હતા.

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૨૧ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫



દર વર્ષે ચોમાસાની ઋતુમાં નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થતી હોય છે. ત્યારે સૌથી વધુ દરદીઓને મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. સિવિલ કેમ્પસમાં વરસાદ પડતાની સાથે જ ઠેક ઠેકાણે પાણી ભરાઈ જતા હોય છે. ત્યારે આજે વહેલી સવારે બે કલાકમાં જ મેઘરાજાએ ધબધબાટી બોલાવતા નવી સિવિલના અલગ અલગ ભાગોમાં પાણી ભરાયા હતા. જે ઉપરોક્ત તસ્વીરમાં જોઈ શકાય છે. (તસવીર : હનીફ મલેક)

# શહેર અને જિલ્લામાં રાત્રી સમયે મેઘરાજા બરોબર ગાજ્યાં

## લિંબાયત ઝોન વિસ્તારમાં બે કલાકમાં ત્રણ ઈંચ પાણી પડ્યું: સુરતના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેઘમહેર

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૨૧**

સુરત શહેર જિલ્લા સહિત દ.ગુજરતમાં ફરી વરસાદી માહૌલ જામ્યો છે ત્યારે શહેરમાં વહેલી સવારે ૬ વગ્યાથી ૮ વાગ્યા દરમિયાન મેઘરાજાએ ધબધબાટી બોલાવી દીધી હતી. સૌથી વધુ લિંબાયત ઝોનમાં બે જ કલાકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. આ ઉપરાંત સેન્ટ્રલ ઝોનમાં ૨ ઈંચ, રાંદેર ઝોનમાં એક ઈંચ, કતારગામ ઝોનમાં એક ઈંચ, વરાછા એ ઝોનમાં દોઢ ઈંચ,



(તસવીર : હનીફ મલેક)

વરાછા બી ઝોનમાં દોઢ ઈંચ, ઉધના ઝોનમાં પોણા બે ઈંચ જ્યારે અઠવા ઝોનમાં બે ઈંચથી વધુ વરસાદ પડતા ઠંડક પ્રસરી ગઈ હતી.સુરત શહેર જિલ્લામાં લાંબા વિરામ બાદ ગઈકાલે મોડી રાત્રિથી મેઘરાજાએ પધરામણી કરતા ઠંડક પ્રસરી ગઈ હતી. મોડી રાત્રે ઝરમર વરસાદ બાદ વહેલી સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા દરમિયાન સેન્ટ્ર ઝોનમાં ૪૯ મીમી, રાંદેર ઝોનમાં ૩૪ મીમી, કતારગામ ઝોનમાં ૨૯ મીમી વરસાદ પડ્યો હતો.વાતાવરણમાં પલ્ટો આવવા સાથે શહેરીજનોને ઉકળાટ અને બફારાથી રાહત મળી છે. ગત મોડી રાત્રિથી આજે વહેલી સવાર સુધીમાં સુરત શહેરમાં તમામ ઝોનમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જોકે જિલ્લામાં છુટા છવાયા વરસાદી ઝાંપટા પડ્યા હતા. જિલ્લા કંટ્રોલ રૂમ પાસેથી મળતી આંકડાકીય વિગત પ્રમાણે ગઈકાલે સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૬ વાગ્યા સુધીમાં પુરા થતાં ૨૪ કલાકમાં ઓલપાડ તુલાકમાં ૧૪ મીમી, માંગરોળમાં ૪, ઉમરપાડામાં ૪, કામરેજમાં ૮ મીમી વરસાદ ઝીંકાયો હતો. જ્યારે ચોર્યાસીમાં ૫, બારડોલીમાં ૪ અને મહુવામાં ૧૨ મીમી વરસાદ પડ્યો હતો. પલસાણા અને માંડવીમાં ઉઘાડ નિકળ્યો હતો.

## ઉકાઈ જળાશયના કેચમેન્ટ એરિયામાં સામાન્ય વરસાદ

### ડેમમાં પાણીની સપાટી ૩૨૫.૭૨ ફૂટ

ઉકાઈ ડેમના ઉપરવાસમાં ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે ત્યારે ડેમની સપાટી વિતેલા એક સપ્તાહથી ૩૨૫ ફુટે સ્થિર રહી છે. આજે સવારે ૧૦ કલાકે ઉકાઈની સપાટી ૩૨૫.૭૨ ફુટ નોંધાઈ હતી. ઉકાઈનું ફુલ રિઝર્વ લેવલ ૩૪૫ ફુટ છે ડેમમાં ૧૩,૯૪૫ ક્યુસેક પાણીની આવક સામે ૮૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાંથી આવતા પાણીમાં ઘટાડો થતા કોઝવેની સપાટી પણ ઘટી છે. આજે સવારે ૧૦ કલાકે કોઝવે ખાતે તાપી નદીનું જળ સ્તર ૫.૮૮ મીટર નોંધાયું છે. કોઝવે ઓવર ફ્લો થવાનું બંધ થયું છે જોકે અવર-જવર માટે બંધ છે.

# ભાગાતળાવમાં મોઈનની ગુંડાગીરી, યુવક પર ચપ્પુના ઘા ઝીંકાયા

## આમીરે મજાક ઉડાડવાની ના પાડતા મોઈન વિફર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

ભાગાતળાવ ખાતે એક યુવકની મજાક ઉડાવ્યા બાદ મોઈન ચક્કીવાલાએ તેની પાસે રહેલાં ચપ્પુ કાઢી બે ઘા પણ ઝીકી દીધા હતા. ઈજાગ્રસ્ત યુવકે મોઈન ચક્કીવાલા સામે લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અત્રે નોંધવુ છે કે આ ઘટના ગત મહિને બની હતી, જ્યારે ફરિયાદ ૨૫ દિવસ બાદ ગત રોજ નોંધાતાં અનેક પ્રશ્નો પણ ઉઠવા પામે છે.

રાણીતળાવ ચાંદ સૈયદનો ટેકરો સ્થિત કોહીનુર એપાર્ટમેન્ટમાં રહેતા આમીર આહમદમીયાં હીરાગલ(ઉ.વ.૨૫)એ મોઈન ઈમરાન ચક્કીવાલા(રહે, હોડીબંગલા લાલગેટ) સામે લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, ગઈ તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ રાત્રીના સાડા દશેક વાગ્યે આમીર ભાગાતળાવ સિંધીવાડ મક્કા એપાર્ટમેન્ટની સામે આવેલ ખુલ્લા પાર્કિંગમાં બેસવા માટે ગયો હતો, ત્યારે ત્યાં આરોપી મોઈન પણ બેસેલો હતો. ત્યારે આમીરે પોતાની બર્ગમેન મોપેડનું એક્સિડેન્ટ થયું હોવાની વાત મોઈન ચક્કીવાલાને કરી હતી. જ્યારે મોઈને આમીરની મજાક ઉડાવી હતી. જેથી આમીરે મજાક ઉડાવવાની ના પાડ્તા મોઈને

ઉશ્કેરાઈને કમરના ભાગેથી એક તિક્ષ્ણ ધારદાર ચપ્પુ કાઢી આમીરના પેટની ડાબી બાજુ તથા છાતીની ડાબી બાજુ બે ઘા મારી ઈજા પહોંચાડી હતી. લાલગેટ પોલીસે આ ફરિયાદ ગઈ કાલે લઈ ઈમરાન ચક્કીવાલા સામે ગુનો નોંધ્યો હતો.

# આરટીઓના નામે ઈ-ચલણ મોકલી ફ્રોડ કરનારા સામે પોલીસ સક્રિય

## એસએમએસ અને ઈમેઈલ લિંક ઓપન નહીં કરવા પોલીસનું સૂચન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

છેલ્લા થોડા સમયથી આરટીઓના નામે આમ જનતાને ઈ-ચલણ અંગેની ફેક એપ્લિકેશન મોકલીને ફ્રોડ કરવામાં આવી રહ્યા છે. આ વાત રાજ્યના સીઆઈ ક્રાઈમના અધિક પોલીસ મહાનિર્દેશકને ધ્યાને આવતા તેમણે સુરત સહિત તમામ શહેર અને જિલ્લાના પોલીસ કમિશનર એસ.પી અને રેંજ વડાને જાણ કરી છે કે, ફ્રોડના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે આ બાબતે તાકીદ રાખી જરૂરી પગલાં ભરવામાં આવે વધુમાં આરટીઓના નામે થતા ફ્રોડ અટકાવવા માટે નીચે મુજબના સૂચનો નાગરિકો માટે કરવામાં આવ્યા છે.

જો કોઈ વ્યકિતને એસએમએસ, વ્હોટ્સએપ કે ઈમેઈલ દ્વારા આરટીઓ ચલણ એપ્લિકેશન, આરટીઓ ચલણ ૨૫૦ એપ્લિકેશન કોઈ અનઅધિકૃત વ્યકિતઓ દ્વારા મોકલવામાં આવે તો તેને ખોલવી નહીં. આ ઉપરાંત ગુગલ પ્લે સ્ટોરમાં જઈને ગુગલ પ્લે પ્રોટેક્ટ ઓન રાખવું જેથી કરીને ઈ-ચલણના સ્કેમથી બચી શકાય. તેમજ કવચ-૨.૦ નામની એપ્લિકેશન કોઈપણ પ્રકારના ફ્રોડથી બચવા માટે પોતાના મોબાઈલમાં ચાલુ રાખવી.

# કિશોરીને પ્રેમજાળમાં ફસાવી કાપોદ્રાની રાજ ઈમ્પીરીયાની ઓફિસોમાં બળાત્કાર ગુજારાયો

## આરોપી જયદીપ મરવાની ધમકી આપતો હતો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૨૧**

સરથાણા વિસ્તારમાં ૧૭ વર્ષિય સગારીને લલચાવી ફોસલાવીને રાજ ઈમ્પીરીયા બિલ્ડીંગની અલગ-અલગ ઓફીસમાં બોલાવીને બળાત્કાર ગુજાર્યો હતો. શારીરીક સંબંધ બાંધ્યા બાદ મને મળવા નહીં આવેત તો હુ આત્મહત્યા કરી લેવા તેવી ધમકી આપતો હતો. આ વાત પરિવારજનોને ધ્યાને આવતા ગઈકાલે રાત્રે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

સરથાણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સરથાણા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષિય સગીરાએ લસકાણા ખોલવડ રોડ ઓપેરા પેલેસમાં રહેતા જયદિપ ધીરૂભાઈ ફુલેતરીયાએ સને ૨૦૨૩થી અત્યારસુધીના સમયગાળામાં ટેલિફોનીક સંપર્ક કરી તેનો પીછો કરી તેની સાથે સંબંધ કેળવ્યા બાદ સરથાણાની રાજઈમ્પીયર બિલ્ડીંગમાં અલગ-અલગ ઓફીસમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. શરીર સંબંધ બાંધ્યા બાદ પણ જયદિપ ફુલેતરીયા સગીરાને મળવા માટે દબાણ કરતો હતો અને સગીરા મળવા જવાની ના કહેતા તેને હું મરી જઈશ જો તુ મળવા નહીં આવે તો તેવી ધમકી આપતો હતો. હવસનો શિકાર બનેલી સગીરાએ આ બાબતે પરિવારજનોનું ધ્યાન દોરતા જયદિપ ફુલેતરીયા સામે ગઈકાલે રાત્રે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## શેર ટ્રેડિંગ કૌભાંડમાં ત્રણના જામીન નામંજૂર

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત.તા.૨૧**

દુબઈ, રાજકોટ અને ઉત્રાણ ખાતેના પ્રગતિ આઈટી પાર્કમાં ઓફિસ ખોલીને મોટાપાયે ચાલતાં કરોડોના શેર ટ્રેડિંગના રેકેટમાં સંડોવાયેલા રાજકોટના ડેનીશ ધાનક અને સુરતના યશકુમાર પાટોલિયા તેમજ જયસુખ પાટોલિયાના જામીન સુરત કોર્ટે નામંજુર કર્યા હતા.સરકાર તરફે એપીપી રાજેશ ડોબરિયાએ દલીલો કરી હતી. આ સાયબર ફ્રોડ ટોળકી અલગ-અલગ પ્લાન બતાવીને ઊંચુ રીટર્ન આપવાની લાલચ આપીને લોકોના રૂપિયા ગજવે ઘાલીને બેંક એકાઉન્ટ તેમજ આંગડીયા મારફતે મેળવી લઈ દુબઈ મોકલી આપતા હતા. પોલીસની તપાસમાં ૨.૩૪ કરોડના આર્થિક વ્યવહારો થયા હોવાનુ જણાયુંછે. છેલ્લા બે વર્ષથી આ ટોળકી શેર ટ્રેડિંગના નામે લોકો સાથે ઠગાઈ કરતી હતી.

## બોલ બમ...ના નાદ સાથે કાવડયાત્રા



આગામી ગુરુવારથી પવિત્ર શ્રાવણ માસ શરૂ થવા જઈ રહ્યો છે. ત્યારે વિવિધ નદીઓના જળને ભરીને કાવડ યાત્રીઓ શહેર-જિલ્લાના અલગ અલગ મંદિરો તરફ પગપાળા જવા નીકળ્યા છે. પ્રસ્તુત તસ્વીરમાં કાવડયાત્રીઓનું એક મંડળ પગપાળા યાત્રાએ જતું નજરે પડી રહ્યું છે. (તસવીર : હનીફ મલેક)

# કોસાડ આવાસના યુવકનું નાવડીમાંથી પડી જતા મોત

## તાપી નદીમાં બનેલી ઘટના, આત્મહત્યા કે અકસ્માત?

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સિંગણપોર ડભોલી પોલીસ સ્ટેશનની હદમાં આવતા તાપી દર્શન શિવાજી પાર્ક નજીક તાપી નદીમાં નાવડીમાંથી પડી જતા અમરોલી કોસાડ આવાસ ખાતે રહેતા ૨૦ વર્ષિય યુવકનું મોત નિપજ્યું હતું. યુવકે આત્મહત્યા કરી કે અકસ્માતે નાવડીમાંથી પડી જતા મોતને ભેટ્યો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર અમરોલી કોસાડ આવાસ ખાતે રહેતો ૨૦ વર્ષિય રિષિકેશ શ્રીરામકરણ નિષાદ ઉ.વ.૨૦ ગઈકાલે બપોરના સમયે કોઝવે તાપી દર્શન શિવાજી પાર્ક સોસાયટી પાસે નાવડીમાંથી પડી જતા નદીમાં ડુબી જતા મોતને ભેટ્યો હતો. આ મામલે સિંગણપોર પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી હતી.

# ડુમસના દરિયા કિનારે નબીરો રોફ પાડવા જતા કાર ફસાઈ

## વીડિયો વાયરલ થતાં લકઝરી કાર પર સ્ટંટ કરનારને શોધતી ડુમસ પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

ડુમસના દરિયા કિનારે કાર લઈ જવાનો પ્રતિબંધ હોવા છતાં કેટલાંક છોકરાઓ દરિયા કિનારે વટ પાડવા માટે કાયદાનું ઉલ્લંઘન કરી દેતાં હોય છે, આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં બે છોકરાઓ મર્સિડિઝ લક્ઝુરીયસ કાર લઈને ડુમસના દરિયા કિનારે પહોંચી ગયા હતા. લોકો વચ્ચે વટ પાડવાના ચક્કરમાં તેઓ દરિયામાં કાર ઉતારી દેતા કાદવમાં તેમની કાર ફસાઈ ગઈ હતી. સ્થાનિકો અને તંત્રની મદદથી તેઓએ કાર બહાર કાઢી હતી. આ વીડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો.

સુરત શહેરના છેવાડે આવેલા ડુમસનો દરિયા કિનારો સમગ્ર ભારતમાં જાણીતો છે, બહાર દેશથી આવતા ટુરીસ્ટો પણ ડુમસના દરિયા કિનારે ફરવા આવતા હોય છે. આ ડુમસના દરિયા કિનારે કાર લઈ જવા માટે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. અહીં ડુમસ પોલીસનો કાફલો પણ ખડે પગે ઉભો હોય છે. જો કે, કેટલીક વખત પ્રતિબંધ હોવા છતાં નબીરાઓ મોટી મોટી કારો લઈને દરિયા કિનારે પ્રવેશી જતાં હોય છે અને પોલીસ પેટ્રોલિંગ ઉપર સવાલો ઉભા થતા હોય છે.

દરમિયાન ફરી વખત પોલીસ પેટ્રોલિંગ ઉપર પ્રશ્નો ઉભા થયા છે. બે નબીરા મર્સિડિઝ કાર લઈને દરિયા કિનારે લટાર મારવા નિકળ્યા હતા. એટલું જ નહીં તેઓ દરિયાના પાણીમાં કાર ઉતારી દીધી હતી, આખરે તેમની કાર ફસાઈ જતા અટવાવનો વારો આવ્યો હતો. સ્થાનિકોએ આ વીડિયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારીને વાયરલ કરી હતી.

# વડોદ મનપાનું આરોગ્ય મંદિર જ બીમાર : ગંદકીથી ખદબદતુ આરોગ્ય મંદિર

## સ્વચ્છ સુરતના દાવા વચ્ચે આપના કોર્પો. રચના હિરપરાએ વીડિયો વાયરલ કર્યો



**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૨૧**

સ્વચ્છ સુરતનું ફરીથી સન્માન મેળવનાર સુરત મહાનગરપાલિકાના વડોદ ખાતેના આયુષ્યમાન આરોગ્ય મંદિર ખુદ બીમાર પડી ગયું છે. ગંદકી અને દારૂની બોટલો-પોટલી થતા ગંધાતા પાણીથી ખદબદતા આ આરોગ્ય મંદિરનો વીડિયો આપના કોર્પોરેટર રચના હિરપરાએ વાયરલ કર્યો હતો.

વડોદ ખાતે સુરત મહાપાલિકાનું આયુષ્ય માન આરોગ્ય મંદિર આવેલું છે. લોકોના આરોગ્યની કાળજી રાખતું આરોગ્ય મંદિર ખૂદ જ બીમાર પડી ગયું છે. આપના કોર્પોરેટર રચના હિરપરાએ જણાવ્યું હતું કે, સ્વચ્છ સુરતની આ તસ્વીર એટલે ગંદકીથી ખદબદતું આરોગ્ય મંદિર આ આરોગ્ય મંદિરમાં ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવો સાથે મચ્છરોનો ભારે ઉપદ્રવ જોવા મળે છે. તેમજ ગોઠવાયેલા બાકડા જાણે દારૂની મહેફિલો કરનારા માટે મુક્યા હોય, તેમ આ બાકડાની આજુબાજુ દારૂની બોટલો-પોટલીઓ નજરે પડે છે. જ્યાં આરોગ્ય મંદિર જ બીમાર થઈ ગયું હોય તો આરોગ્ય મંદિરમાં આપના લોકોની શું હાલત થતી હશે?

# 'સ્વામિત્વ' યોજનામાં સરકાર મિલકત ધારકોને સનદ હવે વિનામૂલ્યે અપાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકો માટે સંવેદનાસ્પર્શી નિર્ણય

**ગાંધીનગર, તા.૨૧**

સ્વામિત્વ યોજના અંતર્ગત રાજ્યના ગ્રામ્ય વિસ્તારોના મિલકત ધારકોને તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' વિના મૂલ્યે અપાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકો ઉપર સનદ લેવા માટે જે નાણાંકીય ભારણ પડતું હતું તે દૂર કરવાના સંવેદના સ્પર્શી અભિગમથી આ નિર્ણય કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ભારત સરકારના પંચાયતી રાજ, વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી આ સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી છે. આ 'સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્ડ ટેકનોલોજી ઈન વિલેજ એરીયા(સ્વામિત્વ)' અન્વયે ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામીણ વિસ્તારોના આબાદી એરિયાની મિલકતોનો ડ્રોન સર્વે કરીને ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવામાં આવે છે. આવા પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ મિલકત ધારકોને વિના મૂલ્ય આપવામાં આવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની જોગવાઈ મુજબ મિલકત ધારક પાસેથી રૂ. ૨૦૦ની સર્વે ફી લઈને આપવામાં આવતી સનદ હવે ગ્રામીણ મિલકત ધારકોને નિ:શુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે. તેમના આ નિર્ણયને પરિણામે હવે રાજ્યમાં 'સ્વામિત્વ' યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' પણ વિના મૂલ્યે મળશે. રાજ્યમાં આવી અંદાજે ૨૫ લાખ ગ્રામીણ મિલકત સનદ વિતરણ માટે આશરે ૫૦ કરોડ રૂપિયાનું ભારણ રાજ્ય સરકાર લેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ વિસ્તારોના નાના, ગરીબ અને મધ્યમ વર્ગીય મિલકત ધારકોને સનદ મેળવવા માટે રૂ. ૨૦૦ની ફીમાંથી મુક્તિ આપવાના આ સંવેદના સ્પર્શી અભિગમથી ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતના હક્ક દર્શાવતી સનદ મેળવવામાં સરળતા કરીને ઈઝ ઓફ લિવિંગ સાકાર કર્યું છે.વડા પ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ શરૂ કરાવેલી સ્વામિત્વ યોજનાનો હેતુ ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામ્ય વિસ્તારના આબાદી એરીયાની મિલક્તોના ડ્રોન સર્વે કરી ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવાનો છે.

આ પ્રોપર્ટી કાર્ડ દ્વારા ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતો પર કાયદેસર અધિકાર મળે છે, અને તેઓને નાણાંકીય રીતે સશક્ત બનાવે છે. પ્રોપર્ટીકાર્ડ થકી ગ્રામ્ય વિસ્તારના વિકાસમાં વધુ વેગ જોવા મળશે, ગ્રામ વિકાસના આયોજન માટે સચોટ જમીન રેકર્ડ તૈયાર થશે, કરની ચોક્કસ વસૂલાત થશે અને મિલકત સંબંધી વિવાદ અને કાયદાકીય કેસો ઘટશે.

# સીબીઆઈ ઓફિસરના નામે ડિજિટલ એરેસ્ટ કરનારના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૧**

સીબીઆઈ ઓફિસરની ખોટી ઓળખ આપી સુરતના સીનીયર સીટીઝનને ડિઝીટલ એરેસ્ટ કરી રૂ.૧.૦૫ કરોડ પડાવવાના પ્રકરણમાં સંડોવાયેલા રહેમાન શેખના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા. આરોપી તરફે વકીલ નદીમ ચૌધરીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, સુરત શહેરમાં રહેતા વૃદ્ધ સાયબર ફ્રોડનો શિકાર બન્યા હતા.સાયબર ટોળકીએ વૃદ્ધને ફોન કરીને દિલ્હી ક્રાઈમ બ્રાંચ અને સીબીઆઈ ઓફિસમાંથી બોલું છે તેવી ખોટી ઓળખ આપી તમારી સામે મની લોન્ડ્રીગનો રૂ.૬.૯૨ કરોડનો કેસ છે. કાનુની કાર્યવાહી થશે તેવી ધમકી આપી ડીજીટલ એરેસ્ટ કરી રૂ.૧.૦૫ કરોડ પડાવી લીધા હતા. આ પ્રકરણમાં સુરત સાયબર ક્રાઈમ સાયબર ટોળકીની ધરપકડ કરી હતી. આ કેસમાં સંડોવાયેલા રહેમાન શેખે જામીન ઉપર મુક્ત થવા વકીલ નદીમ ચૌધરી મારફતે અરજી કરી દલીલો કરી હતી કે, આરોપી રહેમાન શેખના એકાઉન્ટનો દુરૂપયોગ થયો છે. તે પોતે આ કેસમાં મહત્વનો સાક્ષી હતો છતા પોલીસે તેને આરોપી બનાવી દીધો હતો. કોર્ટે વકીલ ચૌધરીની દલીલો ધ્યાને લઈ જામીન મંજુર કર્યા હતા.



ઉપરવાસમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે ડેમમાંથી છોડાતું પાણી તાપી નદીમાં આવી રહ્યું હોય. સુરતમાંથી પસાર થતી સૂર્યપૂત્રી બંને કાંઠે વહેતી થઈ હતી. ત્યારે નાવીકો દ્વારા પોતાના નાવડાઓને કિનારે લાંગરવામાં આવ્યા હતા. (તસવીર : હનીફ મલેક)